

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 302
Dt.: 13-07-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


# 'GFS ગેલેક્સી' પર હુમલો: ૧૦ ભારતીયોનો આબાદ બચાવ: ભારતે કડક શબ્દોમાં નિંદા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં સમુદ્રી રૂટ પર જારી તણાવ વચ્ચે ઓમાની દરિયાકાંઠે એક વાણિજ્ય જહાજ પર હુમલા બાદ ભારત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં ઓમાન દરિયાકાંઠા પર કોમર્શિયલ જહાજ GFS ગેલેક્સી પર હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે.

આ હુમલાએ ભારતની ચિંતા વધારી છે કારણ કે તેમાં ભારતીય નાગરિક સવાર હતા. વિદેશ મંત્રાલય પ્રમાણે હુમલો થવાની સાથે રાહત અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું. જહાજ પર સવાર કુલ ૧૧ ભારતીય નાગરિકોમાંથી ૧૦ને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. દુખદ વાત છે કે ૧ ભારતીય નાગરિક હજુ લાપતા છે, જેને શોધવા માટે ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ દરેક સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ભારતીય રાજદ્વારીઓ ઓમાનના અધિકારીઓ અને સ્થાનીક તંત્ર સાથે મળી લાપતા નાગરિક માટે સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશનને સતત કોઓર્ડિનેટ કરી રહ્યાં છે. ભારત સરકારે સંકટના આ સમયમાં ત્વરિત સહાયતા અને સહયોગ આપવા માટે ઓમાન સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો છે.

આ ખતરનાક ઘટના રવિવારે હોર્મુઝ સ્ટ્રેટની પાસે બની. આ સમુદ્રી માર્ગ દુનિયાના તેલ વ્યાપાર માટે લાઈફલાઈન માનવામાં આવે છે. આ હુમલા બાદ ભારતીય વિદેશ મંત્રાલયે વૈશ્વિક મંચ પર પોતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે અમે ઓમાનના દરિયાકાંઠા નજીક કોમર્શિયલ જહાજ GFS ગેલેક્સી પર હુમલાની નિંદા કરીએ છીએ.

આ વિસ્તારમાં વાણિજ્યિક જહાજો અને નાગરિકોના આંતરમાળખાને નિશાન બનાવવું તત્કાલ બંધ થવું જોઈએ. આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા કોઈ વિઘ્ન વગર વ્યાપાર અને જહાજોની અવરજવર જલ્દી બહાલ કરવી જોઈએ. GFS ગેલેક્સી પર થયેલો હુમલો આ એકમાત્ર ઘટના નથી, પરંતુ તે અમેરિકા અને ઈરાન વચ્ચે ઝડપથી વધતા સૈન્ય ટકરાવનું પરિણામ છે. સ્થિતિ વધુ ગંભીર થઈ ગઈ જ્યારે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ફરી બંધ જાહેર કર્યો. દુનિયાનું ૨૦ ટકા તેલ આ માર્ગે પસાર થાય છે, તેથી ઈરાનના આ પગલાથી વૈશ્વિક શિપિંગ લેનમાં ભારે સમસ્યાનો ડર પેદા થઈ ગયો છે.

વૈશ્વિક મર્ચંટ નેવી અને મેરીટાઈમ વર્કફોર્સમાં ભારતીય નાવિકોની ભાગીદારી મોટી છે. પરંતુ ખાડી દેશોમાં વધતા તણાવ અને ક્રોસફાયર વચ્ચે ભારતીય નાવિકોની સુરક્ષા દાવ પર લાગી છે.

ભારત સરકારે યુદ્ધમાં સામેલ બધા પક્ષો અને આંતરરાષ્ટ્રીય શક્તિઓને વારંવાર અપીલ કરી છે કે તે આ લડાઈમાં નિર્દોશ નાગરિક જહાજો અને તેના ક્રૂ મેમ્બર્સને નિશાન ન બનાવે અને તેની સુરક્ષાની ખાતરી કરે.

### ટ્રમ્પની તબાહ કરી દેવાની ધમકી પર ઈરાનનો પલટવાર

## ઈરાને અમેરિકા સાથે કોઈપણ વાતચીતનો સ્પષ્ટ ઈનકાર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેની, જે ૨૮ ફેબ્રુઆરીના રોજ હવાઈ હુમલામાં માર્યા ગયા હતા, તેમને દફનાવવામાં આવ્યા છે. આ પહેલા, ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ થયો હતો, અને બધાને આશા હતી કે બાબતોનો ઉકેલ આવશે. જો કે, યુદ્ધનો ભય લાગી રહ્યો હોય તેવું લાગે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને વારંવાર ધમકીઓ આપી રહ્યા છે.

તાજેતરમાં, તેમણે કહ્યું હતું કે અમેરિકા ઈરાન સામે ૧,૦૦૦ મિસાઈલ છોડવા માટે તૈયાર છે. આ દરમિયાન, એવા અહેવાલો પણ બહાર આવી રહ્યા છે કે ઈરાને અમેરિકા સાથે કોઈપણ વાટાઘાટોનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાન કહે છે કે જ્યાં સુધી અમેરિકા તેની કાર્યવાહી બંધ ન કરે ત્યાં સુધી તે કોઈપણ કરાર માટે તૈયાર નથી.

ઈરાન અને અમેરિકા વચ્ચે માત્ર શબ્દ યુદ્ધ જ નથી થયું, પરંતુ મિસાઈલ હુમલા પણ થયા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજો પર હુમલો કરવામાં આવ્યો, અને તરત જ, ઈરાની શહેરો પર મિસાઈલો છોડવામાં આવી. અમેરિકાએ તેહરાનની આસપાસના અનેક વિસ્તારોમાં બોમ્બમારો કર્યો, જેમાં એક તેલ રિફાઈનરી અને એક પુલનો નાશ થયો. ઈરાનનું સંપૂર્ણ ધ્યાન ખામેનીના અંતિમ સંસ્કાર પર હતું, તેઓ લાંબા સમયથી તેમના દફનવિધિની તૈયારી કરી રહ્યા હતા, પરંતુ તે દરમિયાન, યુએસ હુમલાઓનો જવાબ આપવો પણ જરૂરી હતો.

ઈરાને કતર અને બહેરીનમાં લશ્કરી છાવણીઓ પર હુમલો કર્યો. ઈરાને તેલ અવીવ અને અન્ય ઘણા વિસ્તારોમાં ઈઝરાયલી લશ્કરી થાણાઓને પણ નિશાન બનાવ્યા. આ બધા વચ્ચે, ટ્રમ્પના તાજેતરના નિવેદને બધાને ચિંતામાં મૂકી દીધા છે. ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન તેમના પર હુમલો કરશે અથવા તેમની હત્યા કરવાનો પ્રયાસ કરશે, તો ઈરાન પર ૧,૦૦૦થી વધુ મિસાઈલો છોડવામાં આવશે. તેમણે કહ્યું કે યુએસ સૈન્ય આમ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને તેમને એક વર્ષ સુધી ઈરાન પર હુમલા કરવાનો અને રાષ્ટ્રપતિ ટ્રમ્પને કંઈ થાય તો તેને સંપૂર્ણપણે નાશ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ મુજતબા ખામેનીએ તેમના પિતાના મૃત્યુનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે. તેમણે આ નિવેદન તેમના ટેલિગ્રામ એકાઉન્ટ દ્વારા આપ્યું છે. મોજતબાએ તેમના પિતાના અંતિમ સંસ્કાર દરમિયાન આ સંદેશ આપ્યો હતો.

સંદેશમાં લખ્યું હતું કે, અમે અમારા શહીદ નેતા અને આ બે યુદ્ધોના તમામ શહીદોના લોહીનો બદલો ગુનેગારો અને કુખ્યાત હત્યારાઓ પાસેથી લેવાનું વચન આપીએ છીએ. ખરેખર, ખામેનીના અંતિમ સંસ્કાર દરમિયાન લોકોએ ખુલ્લેઆમ ટ્રમ્પની હત્યા કરવાની માંગ કરી હતી. આ નિવેદન બાદ, ટ્રમ્પે ઈરાનનો નાશ કરવાનો આદેશ આપ્યો. હવે, દરેકને ડર છે કે જો ઈરાન અને અમેરિકા વચ્ચે બીજું યુદ્ધ ફાટી નીકળશે, તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. બંને દેશો વચ્ચેના યુદ્ધમાં અન્ય દેશો પણ ભોગવશે અને સામાન્ય લોકોને તેનો સૌથી વધુ ભોગવવો પડશે.

### રામ મંદિરમાં અંદાજ કરતા પણ મોટી દાન ચોરી?

## મંદિર નિર્માણ પહેલા માસ્ટર માઈન્ડે કર્યો હતો મોટો ખેલ

### અનુકલ્પ મિશ્રા નામના માસ્ટરમાઈન્ડ અને તેના સાથીઓએ લાંબા સમયથી શ્રદ્ધાળુઓના દાન પર હાથ સાફ કર્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યાના રામ મંદિરમાં દાનની ચોરીની આશંકાઓ ધારણા કરતાં ક્યાંય વધુ મોટી હોઈ શકે છે. અત્યાર સુધી સામે આવેલી વિગતો પ્રમાણે દાનની ચોરીનો આ સિલસિલો ગત વર્ષની શરૂઆતમાં શ્રદ્ધાળુઓની ભીડ વધ્યા બાદ શરૂ થયો હતો.

આ સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ ગણાતો અનુકલ્પ મિશ્રા જ્યારે રામ મંદિરની વ્યવસ્થામાં સામેલ થયો, ત્યારથી જ આ ચોરીની શરૂઆત થઈ હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. સામાન્ય અંદાજ એ છે કે, અનુકલ્પ મિશ્ર અને તેની સાથે દાન ચોરીના મામલે આરોપી અન્ય લોક શ્રદ્ધાળુઓની ભીડની સાથે દાન પણ વધવાના કારણે કેશ મેનેજમેન્ટના નવા મેનેજમેન્ટ હેઠળ રામ મંદિરની વ્યવસ્થા સાથે જોડાયા. જોકે, સત્ય એ છે કે, અનુકલ્પ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામલલાની પ્રાણપ્રતિષ્ઠા પૂર્વે જ મંદિરની વ્યવસ્થા સાથે જોડાઈ ગયો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અનુકલ્પ રામ મંદિરના શિખર પર ધ્વજારોહણની વિધિ, રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની વર્ષગાંઠની ઉજવણી અને દીપોત્સવા જેવા અતિ મહત્વના ધાર્મિક કાર્યક્રમોમાં સક્રિય સહયોગી તરીકે સામેલ થવા લાગ્યો હતો. એવું માનવામાં આવી રહ્યું છે કે, પોતાના મલિન ઈરાદાઓ અને સ્વભાવને અનુરૂપ અનુકલ્પે તે સમયથી જ રામજન્મભૂમિ પરિસરમાં પોતાના કાળા કારનામાઓ આચરવા માટેની તકો શોધવાનું શરૂ કરી દીધું હતું.

રામ મંદિર પરિસરમાં પોતાનો પ્રભાવ સતત વધવાની સાથે જ અનુકલ્પ મિશ્રાએ મંદિરની વ્યવસ્થામાં અવિનાશ, લવકુશ મિશ્રા, રમાશંકર મિશ્રા અને કરુણેશ પાંડેને પણ સામેલ કરી દીધા હતા. ત્યારબાદ, જ્યારે કેશ મેનેજમેન્ટ માટે SBI દ્વારા હાયર કરવામાં આવેલી પ્રાઈવેટ એજન્સી સાથે જોડાવાની તક મળી, ત્યારે અનુકલ્પને પોતાનો મનસૂબો પૂરો થતો દેખાયો અને તેણે પોતાના સાથીઓને પણ કેશ મેનેજમેન્ટના કામમાં ગોઠવી દીધા હતા. બીજી તરફ, ટિન્નુ યાદવ રામ મંદિર ટ્રસ્ટના ચંપતરાય સાથેની નિકટતાનો ફાયદો ઉઠાવીને કેશ મેનેજમેન્ટ અને ચઢાવાની ગણતરીમાં પહેલેથી જ નિર્ણાયક ભૂમિકામાં આવી ગયો હતો. ત્યારબાદ તેણે ગણતરીના દિવસોમાં જ પોતાના ભત્રીજા મનીષને પણ આ કામમાં લગાડી દીધો હતો. જ્યારે આ સમગ્ર મામલામાં આરોપી સુભાષ શ્રીવાસ્તવને ડૉ. અનિલ મિશ્રાની ભલામણથી કામ પર રાખવામાં આવ્યો હતો. જો કે, કેશ મેનેજમેન્ટ માટે કર્મચારીઓની નિમણૂક કરવાનો અધિકાર SBI પાસે હતો, પરંતુ તે સમયે બેંક પાસે પૂરતો મેનપાવર ઉપલબ્ધ નહોતો. આ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને ટ્રસ્ટના અધિકારીઓની ભલામણ અને સૂચન પર રામ મંદિર સાથે જોડાયેલા કથિત સ્વયંસેવકોને કેશ મેનેજમેન્ટની આ મહત્વની કામગીરી સોંપી દેવામાં આવી હતી.

રામજન્મભૂમિ પરિસરની વ્યવસ્થા સાથે જોડાયેલા સમીક્ષકોનું માનવું છે કે, SBIના સંયોજન હેઠળ ગત વર્ષે કેશ મેનેજમેન્ટની વ્યવસ્થા શરૂ થઈ, તેના ઘણા સમય પહેલાંથી જ અનુકલ્પની ગેંગ રામલલાના દાન પર હાથ સાફ કરવા લાગી હતી.

### વિદ્યાર્થીનો મૃતદેહ દરિયામાંથી મળી આવતા હડકંપ

## ફિનલેન્ડમાં ૫ મેથી ગુમ હૈદરાબાદના વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવ્યો

### ફિનલેન્ડમાં અભ્યાસ કરતો હૈદરાબાદનો ૧૮ વર્ષીય વિદ્યાર્થી મણિદીપ રેડ્ડી ગુજ્જા બે મહિનાથી લાપતા હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ



યુરોપના ફિનલેન્ડ દેશમાં ભણવા ગયેલા હૈદરાબાદના ૧૮ વર્ષના વિદ્યાર્થી મણિદીપ રેડ્ડી ગુજ્જાનો મૃતદેહ ત્યાંની રાજધાની હેલસિંકીના દરિયામાંથી મળી આવ્યો છે. મણિદીપ ગત ૫ મેથી અચાનક લાપતા થયો હતો અને આશરે બે મહિના બાદ તેનો મૃતદેહ મળ્યો હોવાની પુષ્ટિ પરિવારના વકીલે કરી છે. જોકે, આ સમગ્ર ઘટનાને શંકાસ્પદ ગણાવીને પરિવારે ફિનલેન્ડ પોલીસની તપાસ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને આ મામલે યોગ્ય ન્યાય માટે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. ફિનલેન્ડ સ્થિત ભારતીય દૂતાવાસે ૧૦ જુલાઈના રોજ મણિદીપના પરિવારને સત્તાવાર માહિતી આપી હતી કે હેલસિંકીના દરિયાઈ વિસ્તારમાંથી એક યુવકનો મૃતદેહ મળ્યો છે, જેની ઓળખ મણિદીપ રેડ્ડી તરીકે થઈ છે. આ સમાચાર સાંભળતા જ હૈદરાબાદમાં રહેતો પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. પુત્ર લાપતા થયા બાદ તેના પિતા જી. મુથ્યમ રેડ્ડી અને માતા મમતા રેડ્ડીએ તેને શોધવા માટે તેલંગાણા હાઈકોર્ટના દરવાજા પણ ખખડાવ્યા હતા.

મણિદીપ ફિનલેન્ડની પ્રસિદ્ધ 'લાપીનરાંતા-લાહટી યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી' (LUT યુનિવર્સિટી)ના લાહટી કેમ્પસમાં બેચલર ઓફ એન્જિનિયરિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. તે યુનિવર્સિટી નજીકના રિતાનીમેનકાટુ વિસ્તારમાં રહેતો હતો. તે વર્ષ ૨૦૨૫માં જ ઉચ્ચ અભ્યાસ માટે ફિનલેન્ડ ગયો હતો. તેની માતાના જણાવ્યા અનુસાર, ૫ મેના રોજ મણિદીપે ફોન કરીને માત્ર ૫૦૦૦ રૂપિયા માંગ્યા હતા, જે તેમણે તરત જ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ આ વાતચીતના થોડા જ કલાકોમાં તે અચાનક ગાયબ થઈ ગયો હતો. ફિનિશ પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે લાપતા થયાના દિવસે મણિદીપે આશરે ૨૫૦૦ રૂપિયા ખર્ચીને લાહટીથી ૧૦૦ કિલોમીટર દૂર આવેલા હેલસિંકી શહેરની બસ પકડી હતી. હેલસિંકી પહોંચ્યા બાદ તે ત્યાંની એક જાણીતી રેસ્ટોરન્ટમાં જમતો અને એક શોપિંગ મોલમાં ફરતો સીસીટીવી ફૂટેજમાં કેદ થયો હતો. ફૂટેજમાં તે છેલ્લીવાર શોપિંગ સેન્ટરના રસ્તા પર ચાલતો દેખાયો હતો, ત્યારબાદ તેનો મોબાઈલ ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો અને તેનો કોઈ સંપર્ક થઈ શક્યો નહોતો. આ ઘટના બાદ મણિદીપનો પરિવાર અને તેમના વકીલ કે.એલ.બી. કુમાર આ મામલાને સામાન્ય માનવાનો ઈનકાર કરી રહ્યા છે. પરિવાર સવાલ ઉઠાવી રહ્યો છે કે મણિદીપ અચાનક લાહટી છોડીને હેલસિંકી કેમ ગયો? શું તેની પર કોઈ દબાણ હતું કે તેની કોઈની સાથે દુશ્મની હતી? વકીલે આક્ષેપ કર્યો છે કે બે મહિના સુધી લાશ ક્યાં હતી અને તપાસ એજન્સીઓએ સમયસર પગલાં કેમ ન લીધા? પરિવારે ભારત સરકારને અપીલ કરી છે કે તેમને તાત્કાલિક ફિનલેન્ડ જવા, મૃતદેહની ઓળખ કરવા અને અંતિમ સંસ્કારની પ્રક્રિયામાં રાજદ્વારી મદદ પૂરી પાડવામાં આવે, તેમજ આ સમગ્ર ઘટનાની ઊંડી અને પારદર્શક તપાસ કરાવવામાં આવે.

## મોહન ભાગવતની હાજરીમાં RSSની બેઠક: અયોધ્યાના રામ મંદિર ગેરરીતિ અંગે ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ત્રણ દિવસીય અખિલ ભારતીય પ્રાંત પ્રચારક બેઠક રવિવારે કર્ણાટકના બેલગાવીમાં પૂર્ણ થઈ હતી. આ બેઠકમાં સરસંઘચાલક ડૉ. મોહન ભાગવત, સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલે સહિત દેશભરમાંથી ૨૨૬ વરિષ્ઠ હોદ્દેદારો હાજર રહ્યા હતા. બેઠકમાં સંગઠનના વિસ્તરણ, શતાબ્દી વર્ષના કાર્યક્રમો, જનગણના, નશા મુક્તિ અને સામાજિક અભિયાનો સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. જોકે સૌથી મહત્વનો મુદ્દો અયોધ્યાના રામ મંદિરમાં દાનપેટીની ગણતરી દરમિયાન સામે આવેલી કથિત ગેરરીતિ રહ્યો છે. બેઠક બાદ જાહેર કરાયેલી સત્તાવાર પ્રેસ યાદીમાં સંઘે જણાવ્યું કે, રામ જન્મભૂમિ મંદિરમાં દાનપેટીના ચઢાવાની ગણતરીમાં થયેલી કથિત ગેરરીતિની ઘટનાથી તમામે ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું છે. સંઘે કહ્યું કે, આ માત્ર વહીવટી મામલો નથી, પરંતુ કરોડો રામભક્તોની આસ્થા સાથે જોડાયેલો વિષય છે. તેથી આ મામલાની નિષ્પક્ષ અને તાત્કાલિક તપાસ જરૂરી છે. RSSએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતી પર રચાયેલી SIT અને પોલીસની તપાસ ટૂંક સમયમાં નિર્ણાયક તબક્કે પહોંચશે અને સમગ્ર મામલાની સચ્ચાઈ સામે આવશે. સંઘે સ્પષ્ટ કહ્યું કે, આ મામલામાં જે પણ દોષિત હશે તેની સામે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને. સંઘે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ પાસે અપેક્ષા વ્યક્ત કરી કે ભવિષ્યમાં દાન અને ચઢાવાની વ્યવસ્થાને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવામાં આવે. પ્રેસ યાદીમાં કહેવામાં આવ્યું છે કે આવી કોઈ ઘટના ફરી ન બને, જેથી દેશ-વિદેશના કરોડો રામભક્તોની રામ મંદિર પ્રત્યેની શ્રદ્ધા અને ગાઢ આસ્થાને ઠેસ ન પહોંચે.

રામ મંદિરના મુદ્દા ઉપરાંત બેઠકમાં સંઘના સંગઠનાત્મક કાર્યોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. જણાવવામાં આવ્યું કે, માર્ચ ૨૦૨૬ પછી દેશભરમાં ૮૩ સંઘ શિક્ષા વર્ગ અને ૧૨ કાર્યકર વિકાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮,૮૪૨ સ્વયંસેવકોએ તાલીમ મેળવી હતી.






## તમિલનાડુના રાજકારણમાં ફરી ભૂકંપ: AIADMK ના ૧૦ ધારાસભ્યો રાજીનામું ધરશે! CM વિજયને લાગશે લોટરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

તમિલનાડુના રાજકારણમાં આ સમયે એક બહુ મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની આગેવાની હેઠળની સત્તાધારી પાર્ટી તમિલગા વેત્રિ કઝગમ (TVK) વિધાનસભામાં બહુમતીના આંકડા તરફ મજબૂતીથી વધી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્ય વિપક્ષી પાર્ટી એઆઈએડીએમકે (AIADMK) ના આશરે ૧૦ જેટલા અસંતુષ્ટ ધારાસભ્યો વિધાનસભા સભ્યપદેથી રાજીનામું આપીને ૧૫ ઓગસ્ટ પહેલાં સત્તાવાર રીતે શાસક પક્ષ TVK માં સામેલ થઈ શકે છે. મુખ્યમંત્રી વિજયની પાર્ટીમાં આ સમગ્ર યોજનાને ઓપરેશન એલ નામ આપવામાં આવ્યું છે. સૂત્રોનું કહેવું છે કે ધારાસભ્યોના રાજીનામાનું ટાઈમિંગ ખૂબ જ સમજી-વિચારીને નક્કી કરવામાં આવ્યું છે, કારણ કે ટૂંક સમયમાં જ ચૂંટણી પંચ પેટાચૂંટણીની જાહેરાત કરી શકે છે. મુખ્યમંત્રી વિજયની વ્યૂહરચના અન્ય પક્ષો કરતાં અલગ છે. તેઓ જથ્થાબંધ દલબદલ કરાવવાના બદલે તબક્કાવાર નેતાઓને સામેલ કરી રહ્યા છે. આ સાથે જ તેઓ એ વાત પર અડગ છે કે કોઈ પણ વિપક્ષી ધારાસભ્યને ચાલુ પદે પક્ષમાં લેવામાં આવશે નહીં; તેમણે પહેલા ધારાસભ્ય પદેથી રાજીનામું આપવું પડશે અને પેટાચૂંટણી દ્વારા જનતાની વચ્ચે જઈને નવો જનાદેશ મેળવવો પડશે. રાજીનામું આપનારા નેતાઓને પેટાચૂંટણીમાં TVK ની ટિકિટ આપવાનું અને જીત્યા બાદ કેબિનેટ મંત્રી પદ તેમજ સંગઠનમાં મોટા હોદ્દા આપવાનું વચન અપાયું છે. ૨૩૪ સભ્યોની તમિલનાડુ વિધાનસભાની વર્તમાન ક્ષમતા ૨૨૭ ધારાસભ્યોની છે, જ્યારે ૭ બેઠકો ખાલી છે. હાલમાં સત્તાધારી TVK પાસે ૧૦૭ ધારાસભ્યો છે. બીજી તરફ, વિપક્ષી AIADMK માં સતત પડી રહેલા ગાબડાંને કારણે ધારાસભ્યોની સંખ્યા ઘટીને માત્ર ૪૧ થઈ ગઈ છે.

# તંત્રી લેખ......

## વરસાદની ઋતુમાં શહેરો મુશ્કેલીમાં

અલ નીનોની અસર છતાં, ચોમાસું દેશના દરેક ખૂણામાં પહોંચી ગયું છે. ખેડૂતો થોડી રાહત અનુભવી રહ્યા છે, પરંતુ વરસાદના અભાવે ઘણા વિસ્તારોમાં વાવણીમાં હજુ પણ વિલંબ થઈ રહ્યો છે. હાલમાં, ચોમાસું તેની ગતિ જાળવી રાખશે અને પૂરતો વરસાદ લાવશે કે નહીં તે કહી શકાય નહીં. આના કારણે ખેતી અંગે ચિંતા વધી છે, અને સરકાર સતર્ક હોય તેવું લાગે છે. ચોમાસાના આગમનથી ભારતના ઘણા ભાગોમાં ગરમીથી રાહત મળી છે, પરંતુ તેણે હંમેશની જેમ મ્યુનિસિપલ સંસ્થાઓની ખામીઓ પણ ખુલ્લી પાડી છે, કારણ કે ઘણા શહેરો, નાના અને મોટા, વરસાદ સંબંધિત સમસ્યાઓ, ખાસ કરીને પાણી ભરાવાથી પીડાય છે. આ કંઈ નવું નથી.

દાયકાઓથી, ભારતીય શહેરોમાં લોકો ચોમાસાની ઋતુ દરમિયાન પાણી ભરાવાની અને તેને લગતી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. છતાં, મ્યુનિસિપલ સંસ્થાઓની કાર્યપદ્ધતિ યથાવત છે.

આપણી મ્યુનિસિપલ સંસ્થાઓ પાણી ભરાવાની સમસ્યાને ઉકેલવામાં અથવા ગટર, ગટર અને ગટરોને ઓવરફ્લો થવાથી અટકાવવામાં અસમર્થ છે. પરિણામે, જ્યારે પણ વરસાદ પડે છે ત્યારે પાણી ભરાવાથી અસંખ્ય અકસ્માતો થાય છે. ટ્રાફિક જામ થાય છે, રસ્તાઓ ખાડામાં પડે છે, વીજળીનો કરંટ લાગે છે અને લોકો ખાડામાં કે ખુલ્લા મેનહોલમાં પડી જાય છે. દર ચોમાસાની ઋતુમાં, અસંખ્ય લોકો પોતાના જીવ ગુમાવે છે. આ વર્ષે પણ, આ જ દુર્ઘટનાનો સામનો કરવો પડ્યો. તાજેતરમાં, ફક્ત દિલ્હી-એનસીઆરમાં, પહેલા ચોમાસાના વરસાદ દરમિયાન વિવિધ અકસ્માતોમાં છ લોકો મૃત્યુ પામ્યા હતા. આ ચોમાસાની ઋતુની શરૂઆત છે. આગામી દિવસોમાં, કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની અને પૂરની સંભાવના છે. વધુમાં, ભારે વરસાદ, ભૂસ્ખલન અથવા વાદળ ફાટવાથી પણ જાનમાલનું નુકસાન થઈ શકે છે. કેરળના વાયનાડમાં, જ્યાં થોડા વર્ષો પહેલા ભારે વરસાદમાં ઘણા લોકો માર્યા ગયા હતા, તાજેતરમાં એક બાંધકામ સ્થળ નજીક ભૂસ્ખલન થયું હતું. ત્રણ લોકો મૃત્યુ પામ્યા હતા અને ઘણા લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. આવી ઘટનાઓ આપણા નીતિ નિર્માતાઓ માટે ચિંતાનો વિષય હોવી જોઈએ, કારણ કે વરસાદ સંબંધિત સમસ્યાઓ માત્ર જીવ જ નથી લેતી પરંતુ શહેરી માળખાગત સુવિધાઓને પણ નોંધપાત્ર નુકસાન પહોંચાડે છે.

દેશના અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ ચોમાસુ ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં પણ અસંખ્ય સમસ્યાઓનું કારણ કેમ બને છે? નાના શહેરોની વાત ભૂલી જાઓ, મોટા મેટ્રોપોલિટન શહેરો પણ વરસાદ દરમિયાન ગંભીર સમસ્યાઓનો સામનો કરે છે, જેનાથી સામાન્ય જીવન ખોરવાઈ જાય છે. તાજેતરમાં, મુંબઈમાં ત્રણ દિવસનો ભારે વરસાદ આફત લઈને આવ્યો. મુંબઈના રહેવાસીઓને ફરી એકવાર એ જ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો જે તેઓ વર્ષોથી અનુભવી રહ્યા છે. આ સમસ્યાઓથી કંટાળીને, કેટલાક રહેવાસીઓ હાઈકોર્ટમાં ગયા. કેસની સુનાવણી કરતા, હાઈકોર્ટે જણાવ્યું હતું કે જ્યારે લોકો ફૂટપાથ, નદીઓ, નાળાઓ અને રસ્તાઓ પર અતિક્રમણ કરે છે ત્યારે આ પરિસ્થિતિ અનિવાર્ય છે. કોર્ટના મતે, જાહેર માળખાકીય સુવિધાઓના દુરુપયોગને કારણે મુંબઈની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. આપણા દેશના મુખ્ય શહેરો સમસ્યાઓથી વધુ ઘેરાયેલા છે કારણ કે તેમની અંદર આવેલા ગામડાઓ અને જૂની વસાહતો બિનઆયોજિત વિકાસનો પર્યાય બની ગયા છે. તેમાં યોગ્ય ડ્રેનેજનો અભાવ છે અને ગુણવત્તાહીન ગટર વ્યવસ્થા છે.

આ ગામડાઓમાં એક સમયે મર્યાદિત વસ્તી હતી, પરંતુ શહેરીકરણ સાથે, તેમની વસ્તી હજારો અને લાખો સુધી વધી ગઈ છે. આજે, દિલ્હી-એનસીઆરના કેટલાક ગામડાઓમાં લાખો લોકો રહે છે. સામાન્ય રીતે, ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતર કરનારાઓ આ શહેરી ગામડાઓમાં સ્થાયી થાય છે. આ ગામડાઓના માળખાકીય સુવિધાઓ સુધારવા માટે મ્યુનિસિપલ સંસ્થાઓએ જે કંઈ કર્યું છે તે સમુદ્રમાં એક ટીપા જેવું છે.

## અમદાવાદમાં ૧૪૯મી રથયાત્રા, ૧૦ ડ્રોનથી બાજ નજર રહેશે

### ૧૮ ગજરાજ, ભજન મંડળી અને શણગારેલા ટ્રક જોડાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આગામી ૧૬ જુલાઈએ એટલે કે અષાઢી બીજના દિવસે અમદાવાદમાં ૧૪૯મી રથયાત્રા યોજાશે. ભગવાન જગન્નાથજી, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રા સાથે લોકોને દર્શન આપવા રથમાં સવાર થઈને નીકળશે.

૪૯મી રથયાત્રામાં ૧૮ ગજરાજ, ભજન મંડળી, શણગારેલા ટ્રક અને કરતબ કરતા અખાડાની અદભૂત પ્રતિકૃતિ જોવા મળશે. ત્યારે શણગારેલા ટ્રકને અને અખાડાનું મોનિટરિંગ કરવા પોલીસે ખાસ તૈયારી કરી છે. જેમાં આ વખતે તમામ ટ્રક સંચાલક અને ડ્રાઈવર સહિત અન્ય લોકોનું આધાર એપ દ્વારા વેરિફિકેશન કરાશે. આ ઉપરાંત, ટ્રકમાં ૧ પોલીસ ડ્રાઈવર અને AMCનું સ્પેશિયલ રિપેરિંગ વ્હીકલ ટીમ સાથે ૧૦ ટ્રકની પાછળ રહેશે. જેમાં સમગ્ર રથયાત્રા દરમિયાન ૧૦ ડ્રોનથી પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવશે.

મળતી માહિતી મુજબ, આ વર્ષે સુરક્ષાના ભાગરૂપે રથયાત્રામાં જોડાનાર તમામ આયોજકો, સંચાલકો, ટ્રક માલિકો અને ડ્રાઈવરોનું પ્રતિરક્ષા આધાર ઈનેબલ એપ દ્વારા ફરજિયાત વેરિફિકેશન કરવામાં આવશે અને ત્યારબાદ જ તેઓને ઓળખપત્ર ઈશ્યૂ કરાશે.

રથયાત્રામાં જોડાનાર તમામ ટ્રકો સુરક્ષિત રહે તે માટે RTO મારફતે વાહનોની યાંત્રિક ચકાસણી કરવામાં આવશે, તેમજ BDDS એટલે કે, બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડ ટીમો દ્વારા ટ્રકોનું એન્ટી-સબોટેજ ચેકિંગ પણ હાથ ધરાશે. ડ્રાઈવરોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તમામ ટ્રક ડ્રાઈવરોનું મેડિકલ ચેકઅપ ફરજિયાત કરવામાં આવ્યું છે.

રથયાત્રા દરમિયાન કોઈપણ ઈમરજન્સી સંજોગો સર્જાય તો તેને પહોંચી વળવા માટે દરેક ટ્રકમાં મુખ્ય ડ્રાઈવરની સાથે ૧ પોલીસ ડ્રાઈવર પણ રાખવામાં આવશે. આ ઉપરાંત, રસ્તામાં કોઈપણ વાહનમાં ખામી સર્જાય તો તુરંત ઉકેલ લાવવા માટે આ વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્પેશિયલ રિપેરિંગ વ્હિકલ અને માણસોની ટીમ દર ૧૦-૧૦ ટ્રકની પાછળ તહેનાત રાખવામાં આવશે.

તમામ ટ્રકો અને અખાડાઓનું GPS સિસ્ટમ દ્વારા રિયલ-ટાઈમ લોકેશન મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, સમગ્ર રૂટ પર ટ્રકો અને અખાડાઓ પર ૧૦ જેટલાં હાઈટેક ડ્રોન કેમેરા દ્વારા LIVE મોનિટરિંગ કરવામાં આવશે. અખાડાઓમાં ભીડ નિયંત્રણ અને સુરક્ષા માટે અખાડાઓ સાથે ખાસ પુશિંગ સ્ક્વોડ રાખવામાં આવશે. એટલું જ નહીં, અખાડાઓમાં વાગનારા હ્રુત્તના સંગીતની લિમિટ અને સિસ્ટમની ચકાસણી પોલીસ દ્વારા અગાઉથી જ કરી લેવામાં આવશે. આ વખતની રથયાત્રામાં શ્રદ્ધાળુઓ માટે વિશેષ આકર્ષણ ઊભું કરવા ગુજરાત પોલીસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને લીગલ સેલના ખાસ ટેબ્લો પણ રથયાત્રામાં સામેલ કરવામાં આવશે.

## રામ મંદિરની જેમ અંબાજી મંદિરમાં ચોરી? પગ નીચે બંડલ સંતાડતો કર્મચારી કેમેરામાં કેદઃ જુના સીસીટીવી વાયરલ



પ્રતિનિધિ,ગાંધીનગર

અયોધ્યામાં રામ મંદિર દાન ચોરીનો મુદ્દો જયારે સમગ્ર દેશભરમાં ભારે ચર્ચાના સ્થાને છે. તેવા સમયે જ બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના ભંડારકક્ષ માં બનેલી ચોરીની એક ઘટનાના જુના સીસીટીવી કુટેજ હાલમાં સોશીયલ મીડીયા પ્લેટફોર્મ પર જોરદાર વાયરલ થઈ રહ્યા છે. આ સનસનાટીભર્યા વિડીયો સામે આવ્યા બાદ અંબાજી મંદિરમાં દાનના નાણાંની સુરક્ષા અને વ્યવસ્થાને લઈને સોશીયલ મીડીયા પર ફરી એકવાર વિવાદ અને ભારે ચર્ચા જાગી છે.

સોશીયલ મીડીયા પર વાયરલ થઈ રહેલા આ સીસીટીવી વિડીયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે મંદિરનો આઉટસોર્સિગ (હંગામી) કર્મચારી ચિરાગ ઠાકોર અન્ય સહકર્મચારીઓ સાથે બેસીને ભંડારકક્ષમાં નોટોની ગણતરી કરી રહ્યો છે. આ ગણતરી દરમિયાન અત્યંત ચતુરાઈપૂર્વક તે નોટોનુ એક આખુ બંડલ સરકાવીને પોતાના પગ નીચે સંતાડતો નજરે પડે છે. ઉલ્લેખનીય છે કે ગઈ તારીખ ૫ મે ના રોજ આ જ કર્મચારી ચિરાગ ઠાકોર દાનની નોટોનુ બંડલ ચોરી કરતા રંગે હાથ ઝડપાઈ ગયો હતો. આ ગુન્હામાં ઉંડાણપૂર્વક ની તપાસ દરમિયાન ચિરાગ ઠાકોર સાથે તેના અન્ય બે સાથીદારો વિવેક શર્મા અને નિકુંજ પટેલ ની સીધી સંડોવણી બહાર આવી હતી. જેને પગલે પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી.

આ ચોરીની ઘટના તે સમયે બની હતી જયારે અંબાજી મંદિરના ભંડારકક્ષમાં ભકતો દ્વારા ચડાવાયેલા દાનના રોકડા રૂપીયાની નિયમિત ગણતરી ચાલી રહી હતી. મુખ્ય આરોપી ચિરાગ ઠાકોરે અન્ય કર્મચારીઓની નજર ચુકવીને રૂપીયાનુ બંડલ પોતાના પગ નીચે છુપાવી દીધુ હતું.

ત્યારબાદ બહુ જ ચાલાકી થી તે આ નાણાં પોતાની સાથે બહાર લઈ જવા માટે બાથરૂમ જવાના બહાને રૂમમાંથી ઉભો થઈને બહાર નિકળી રહ્યો હતો. જો કે આ દરમિયાન અચાનક તેના ખિસ્સામાંથી રૂપીયા ૧,૦૪,૦૦૦ ની રોકડ રકમનુ આખુ બંડલ સરકીને નીચે જમીન પર પડી ગયુ હતું. ત્યાં હાજર અન્ય ચોકસાઈ રાખતા કર્મચારીઓની નજર આ પડી ગયેલા બંડલ પર પડતા જ સચ્ચાઈ સામે આવી ગઈ હતી અને તેમણે તાત્કાલીક આ ગંભીર ગેરરીતી અંગે મંદિરના ઉચ્ચ અધિકારીઓને વાકેફ કર્યા હતા.

આ સંવેદનશીલ ઘટના બહાર આવ્યા બાદ મંદિર ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠા જિલ્લા કલેકટરે આ મામલાને અત્યંત ગંભીરતાથી લીધો હતો. અને હંગામી કર્મચારી ચિરાગ ઠાકોર સામે કડક કાનુની વલણ અપનાવી તુરંત પોલીસ ફરીયાદ નોંધાવવા આદેશ કર્યો હતો. જિલ્લા કલેકટરની સુચનાથી મંદિરના અધિક કલેકટર દ્વારા સ્થાનિક પોલીસ મથકમાં સત્તાવાર ફરીયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરીયાદના આધારે પોલીસે મુખ્ય સુત્રધાર ચિરાગ ઠાકોર ઉપરાંત તેના સહ આરોપીઓ વિવેક શર્મા અને નિકુંજ પટેલની કાયદેસરની ધરપકડ કરી લોકઅપ ભેગા કર્યા હતા. ત્યારબાદ કોર્ટે આ સહ આરોપીઓના પાંચ દિવસ રીમાન્ડ પણ મંજુર કર્યા હતા. પોલીસે સધન તપાસ કરીને ચોરાયેલા બંડલમાંથી રૂપીયા ૫૦૦ ના દર ની ૨૦૮ નંગ નોટો (કુલ ૧,૦૪,૦૦૦) સફળતાપૂર્વક રીકવર કરી લીધી હતી. હાલમાં આ સીસીટીવી કુટેજ વાયરલ થતા અંબાજી મંદિરના વહિવટદાર કૌશિક મોદીએ સત્તાવાર સ્પષ્ટતા આપતા જણાવ્યુ હતુ કે સોશીયલ મીડીયા પર અત્યારે જે સીસીટીવી કુટેજ ફરી રહ્યા છે તે જુના છે અને આ નવી ઘટના નથી.

આ ચોરીની ઘટના જયારે પ્રકાશમાં આવી હતી, તે જ સમયે ત્વરીત પગલા ભરીને ત્રણેય આઉટ સોર્સિંગ કર્મચારીઓ વિરૂધ્ધ એફઆઈઆર નોંધી દેવામાં આવી હતી અને તેમને તાત્કાલીક અસરથી નોકરીમાંથી બરતરફ એટલે કે હાંકી કાઢવામાં આવ્યા હતા. વહિવટદારે વધુમાં ઉમેર્યુ હતુ કે કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે હાલમાં આ તમામ આરોપીઓ કોર્ટમાંથી જામીન પર મુકત થયેલા છે અને મંદિર પ્રશાસન દ્વારા ભંડારકક્ષની સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવામાં આવી છે.

## ભાવનગરમાં ૩ ચોપડી ભણેલા ભાજપના સંગઠન મંત્રીએ ૨૦ ટકા રીટર્નની લાલચે રૂ.૩૦૦ કરોડનુ ફુલેકુ ફેરવ્યુંઃ ૩૫ ગામના લોકોને લુંટયા




પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર નજીકના ફરીયાદકા ગામે થી શેરબજારમાં રોકાણ અને ઉંચા વળતરના નામે કરોડો રૂપીયાનુ ફુલેકુ ફેરવવાનુ એક કૌભાંડ બહાર આવ્યુ છે. માત્ર ધોરણ ૩ સુધી ભણેલા અને ભાજપના સંગઠન મંત્રી તરીકે ઓળખાવતા યોગેશ ધામેચા અને તેના પિતરાઈ ભાઈ સંજય ધામેચાએ દર મહિને ૨૦ ટકા જેટલા માતબર રીટર્નની લાલચ આપીને આજુબાજુના ૩૫ જેટલા ગામડાના નિર્દોષ લોકોને પોતાની જાળમાં ફસાવ્યા હતા. શરૂઆતમાં લાખોની છેતરપીંડી થી શરૂ થયેલો આ કેસ ક્રાઈમ બ્રાન્ચની ઉંડી તપાસમાં રૂપીયા ૩૦૦ થી ૪૦૦ કરોડ નો આંકડો વટાવી જાય તેવી પ્રબળ શકયતા જોવા મળી રહી છે. હાલમાં બંને આરોપીઓ પોલીસ રીમાન્ડ પર છે. ધામેચા બંધુઓએ રોકાણકારોનો વિશ્વાસ જીતવા માટે ખુબ જ શાતીર પ્લાનીંગ કર્યુ હતુ. તેઓએ પોતાના ઘરે નોટો ગણવાના ૪-૪ મશીનો વસાવી રાખ્યા હતા અને રોજ લોકોની ભીડ એકત્ર કરી મોટો બિઝનેસ ચાલતો હોવાનો ડોળ કર્યો હતો. કાયદાકીય પકડ થી બચવા માટે તેઓ ઓનલાઈન ટ્રાન્ઝેકશનના બદલે માત્ર રોકડ માં જ નાણાં સ્વીકારતા હતા. વિશ્વાસમાં ઉતારવા માટે આરોપીઓ શરૂઆતમાં ઉછીના નાણાં ના નામે રૂપીયા ૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર લખાણ પણ કરી આપતા હતા. એક રોકાણકારના પૈસાથી બીજા રોકાણકાર ને ૨૦ ટકા વ્યાજ ચુકવીને તેમણે આખુ નેટવર્ક ઉભુ કર્યુ હતું અને ૧૦૦ થી વધુ એજન્ટો રાખ્યા હોવાનુ બહાર આવ્યુ છે. આ હાઈપ્રોફાઈલ ફ્રોડ માં મુખ્ય સુત્રધાર સંજય ધામેચા (ઉ.વ.૪૩) અગાઉ ઈકો ગાડી ચલાવીને અને ડ્રાઈવીંગ કરીને પોતાનુ ગુજરાન ચલાવતો હતો. આરોપીનો પિતરાઈ ભાઈ યોગેશ ધામેચા (ઉ.વ.૩૦) માત્ર ધોરણ ૩ સુધી ભણેલો હોવા છતાં છેલ્લા ૧૫ વરસથી ભાજપમાં સક્રિય કાર્યકર્તા તરીકે દિગ્ગજ નેતાઓ સાથે ઘરોબો ધરાવતો હતો અને છેલ્લા બે વરસથી સંગઠન મંત્રી તરીકે હોદ્દો ભોગવતો હતો. લોકો રાજકીય વગ અને પ્રભાવ જોઈને પણ તેમની જાળમાં હોંશે હોંશે ફસાયા હતા. આ બંને ભાઈઓ કરોડો રૂપીયા ઉઘરાવીને છેલ્લા બે મહિનાથી ફરાર થઈ ગયા હતા. જેના કારણે રોકાણકારોના જીવ તાળવે ચોંટયા હતા. પ્રારંભિક તબકકે ૭ રોકાણકારોની ફરીયાદ પરથી વરતેજ પોલીસ મથકે જીપીઆઈડી એકટ (ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ ) અને બીએનએસ ની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં રૂપીયા ૧.૦૩ કરોડ ની છેતરપીંડી દર્શાવાઈ હતી. જો કે તપાસ એલસીબીને સોંપાતા વધુ ૮ ભોગ બનનારા સામે આવતા સત્તાવાર આંકડો રૂપીયા ૧.૨૯ કરોડ પર પહોચ્યો છે. એલસીબીની પીએસઆઈ આર એ વાંઢેરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે બંને આરોપીઓ હાલ પોલીસ કસ્ટડીમાં છે. મોંઘવારીના આ સમયમાં વધુ કમાણીની લાલચે અંદાજે ૧૦૦ જેટલા લોકો આ પોન્ઝી સ્કીમનો ભોગ બન્યા હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે અને આગામી દિવસોમાં આ છેતરપીંડીનો આંકડો વધુ નિકળે તેવી શકયતા છે.

### જિલ્લામાં વર્ષ ૨૦૨૬ ની બીજી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ ૧૨૧૧૪ કેસોનો સમાધાન થી નિકાલ

## સાબરકાંઠા જિલ્લાની તમામ અદાલતોમાં તા.૧૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ બીજી રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળ (એનએએસએલએ) ના આદેશ અનુસાર સમગ્ર દેશમાં તારીખ ૧૧/૭/૨૦૨૬ ના રોજ વર્ષ ૨૦૨૬ ની બીજી રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતું. તેના ભાગરૂપે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લાની તમામ અદાલતોમાં જિલ્લા કાનુની સેવા સત્તામંડળના ઈન્ચાર્જ અધ્યક્ષ તથા મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી એમ એન શેખ અને સચિવ શ્રી સી પી ચારણ ના માર્ગદર્શન હેઠળ બીજી રાષ્ટ્રીય લોકઅદાલતનુ સફળ આયોજન કરવામાં આવ્યુ હતું. આ લોક અદાલતમાં હિંમતનગર તેમજ તાલુકા કોર્ટોના બારએસોસીએશનના પ્રમુખ, વકીલો, પક્ષકારો તેમજ અદાલતી કર્મચારી ઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લઈ લોક અદાલતને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હતું. લોક અદાલત દરમિયાન જિલ્લામાં મોટર અકસ્માત વળતર સંબંધિત કુલ ૨૦ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં રૂપીયા ૧,૧૫,૪૨,૦૦૦ નુ વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત જિલ્લામાં કાર્યરત મેજીસ્ટ્રેટ દ્વારા પેન્ડીગ કેસો પૈકી લોક અદાલત તથા સ્પેશ્યલ સીટીંગ અંતર્ગત કુલ ૪,૯૯૫ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જેની કુલ રકમ રૂપીયા ૮,૦૪,૬૬, ૫૫૫ થાય છે. આ ઉપરાંત ટ્રાફીક ઈ-ચલણ, બેંક લેણા, વીજ બીલ, પાણી બીલ ,વીજ ચોરી, રેવન્યુ સહિતના વિવિધ પ્રિ-લીટીગેશન કેસોમાં કુલ ૭,૧૧૯ કેસોનો સુખદ સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જેની કુલ રકમ રૂપીયા ૧,૬૮,૬૧,૨૯૦ થાય છે. આમ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૨,૧૧૪ કેસોનો સમાધાનથી સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો.

## અમરેલી જિલ્લામાં અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારની ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ લીધી મુલાકાત



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

તાજેતરમાં અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં થયેલા ભારે વરસાદને પગલે ઉર્જા અને કાયદા રાજય મંત્રી કૌશિક વેકરીયાએ વિવિધ અસરગ્રસ્ત ગ્રામ્ય પંથકોની રૂબરૂ મુલાકાત લીધી હતી અને રાજય મંત્રીએ ખેતીવાડી વિસ્તાર, પુરગ્રસ્ત વિસ્તારોમાં જઈને પરિસ્થિતિનુ જાતે જ નિરીક્ષણ કર્યુ હતું અને સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

રાજયમંત્રી કૌશિક વેકરીયાએ અમરેલી તાલુકાના કેરીયાચાડ, ખડખંભાળીયા, શંભુપુરા, સોનારીયા, લાપાળીયા, નાના ગોખરવાળા, ચાંદગઢ, મોટા ગોખરવાળા તેમજ ધારી તાલુકાના ગરમલી, કથીવદર અને ચરખા ઉપરાંત ખાંભાના કંટાળા સહિતના ગામોની પ્રત્યક્ષ મુલાકાતો કરીને ગ્રામજનો પાસેથી પણ વિગતો મેળવી હતી અને અસરગ્રસ્ત વિસ્તારના લોકોની રૂબરૂ મુલાકાત લઈ ખબરઅંતર પુછયા હતા.

અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં ભારે વરસાદ થી અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોની કૌશિક વેકરીયાની સ્થળ મુલાકાત દરમિયાન તાલુકા પંચાયત હોદ્દેદારો, સરપંચો, સ્થાનિક આગેવાનો, અમરેલી પ્રાંત અધિકારી, ધારી પ્રાંત અધિકારી, માર્ગ અને મકાન વિભાગ, રાજય અને પંચાયતના અધિકારીઓ, જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના અધિકારીઓ, પીજીવીસીએલ અધિકારીઓ અને એન્જીનીયરો તેમજ સ્થાનિક ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સિંહના હુમલામાં જીવ ગુમાવનાર ૧૨ વર્ષીય મયુરનો મૃતદેહ પંચમહાભૂતમાં વિલન



(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના ગિરનાર પર્વત પર ગતરોજ બનેલી એક હૃદયદ્રાવક ઘટનામાં મહેમદાવાદના મોડજ ગામના ૧૨ વર્ષીય માસૂમ બાળક મયુરસિંહ ચૌહાણનું સિંહના હુમલામાં કરુણ અવસાન થયું છે.

ખુશી-ખુશી ગિરનારની યાત્રાએ નીકળેલા આ પરિવારની ખુશીઓ ક્ષણવારમાં માતમમાં ફેરવાઈ ગઈ હતી. આજે સવારે જ્યારે મયુરસિંહનો પાર્થિવ દેહ તેના વતન મોડજ ગામે પહોંચ્યો ત્યારે આખું ગામ હિબકે ચડ્યું હતું અને વાતાવરણ ગમગીન બની ગયું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, મોડજ ગામનો ચૌહાણ પરિવાર ખૂબ જ ઉમંગ સાથે ગિરનારની યાત્રાએ ગયો હતો. પરંતુ, ગિરનારના જંગલ વિસ્તારમાં સિંહે અચાનક મયુરસિંહ પર હુમલો કરી તેને જંગલમાં ખેંચી જતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. થોડા સમયની શોધખોળ બાદ બાળકના અવશેષો મળી આવતા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું. એકના એક દીકરાને ગુમાવનાર માતા-પિતા અને પરિવારના સભ્યોનું આક્રંદ જોઈ ઉપસ્થિત સૌની આંખો ભીની થઈ ગઈ હતી. ગત રાત્રે મયુરસિંહનો મૃતદેહ તેના વતન મોડજ લાવવામાં આવ્યો હતો. આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ જ્યારે માસૂમની અંતિમયાત્રા નીકળી ત્યારે આખું ગામ અંતિમ વિદાય આપવા ઉમટી પડ્યું હતું. પરિવારની લાચારી અને એકના એક દીકરાને ગુમાવવાનું દુઃખ જોઈ પડોશીઓ અને ગ્રામજનો પણ રડી પડ્યા હતા. ભારે હૈયે મયુરસિંહના મૃતદેહને પંચમહાભૂતમાં વિલીન કરવામાં આવ્યો હતો. આ દુઃખદ ઘટનાની જાણ થતાં જ મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ તાત્કાલિક મોડજ ગામે પહોંચ્યા હતા. તેમણે શોકગ્રસ્ત પરિવારને મળીને સાંત્વના પાઠવી હતી અને દુઃખની આ ઘડીમાં પરિવાર સાથે હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે "આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. સરકાર દ્વારા આ પરિવારને યોગ્ય નાણાકીય મદદ મળે અને તેમને ન્યાય મળે તે માટે હું ચોક્કસથી ભલામણ કરીશ." ઘટના બાદ પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ માંગ કરી છે કે આ પ્રકારની ઘટનાઓનું પુનરાવર્તન ન થાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સાથે જ સરકાર આ શોકગ્રસ્ત પરિવારને આર્થિક સહાય આપીને ન્યાય અપાવે તેવી માંગ પણ ઉઠી છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'એક પેડ માં કે નામ' આહ્વાન બન્યું જન આંદોલનઃ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની ઉપસ્થિતિમાં એક જ દિવસમાં અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું વાવેતરઃ AMCનાં રૂ.૪૦૫ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પર્યાવરણ જાળવણી સાથેના વિકાસના વિઝનને ગુજરાત સાકાર કરી રહ્યું છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ










કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'મિશન ફાઈવ મિલિયન ટ્રી' અંતર્ગત અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું સામૂહિક વૃક્ષારોપણ તેમજ એએમસી, ઔડા તથા માર્ગ અને મકાન વિભાગના મળીને અંદાજિત રૂ. ૪૦૫ કરોડનાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સાયન્સ સિટી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ ૧૦૧ ઑક્સિજન પાર્ક તથા ૧૫૫ એસી ઈલેક્ટ્રિક BRTS-AMTS બસનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર અને અમદાવાદ શહેરમાં પર્યાવરણના સંરક્ષણ અને પૃથ્વીના સંવર્ધન માટે એક અભૂતપૂર્વ 'જન અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આજે એક જ દિવસમાં ૧,૨૫,૯૩,૫૧૩ વૃક્ષો રોપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરીને એક નવો વિક્રમ સ્થાપવાની નેમ વ્યક્ત કરી હતી. આ સાથે જ અમદાવાદના ત્રણેય લોકસભા વિસ્તારોમાં અલગથી ૫૦ લાખ વૃક્ષો વાવવાનું મહત્ત્વાકાંક્ષી અભિયાન પણ તેજ ગતિએ ચાલી રહ્યું છે જેના માટે તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરીની સરાહના કરી, માત્ર ત્રણ મહિનામાં અશક્ય લાગતી આ કામગીરી પૂર્ણ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'એક પેડ માં કે નામ' આહ્વાનથી પ્રેરાઈને આ અભિયાન હવે એક જન આંદોલન બની ગયું છે. માત્ર ગાંધીનગર લોકસભાના ૧,૩૭,૮૧૨ નાગરિકોએ પોતાની સોસાયટીમાં પાંચ-પાંચ વૃક્ષ રોપવાનો સંકલ્પ લીધો છે. જ્યારે અમદાવાદ શહેરના અન્ય સંસદીય વિસ્તારોના પણ ૨૮,૫૪૪ નાગરિકોએ આ સંકલ્પ લીધો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ આપેલો 'વન સાથે જન અને પ્રકૃતિ સાથે પ્રગતિ'નો મંત્ર દોહરાવી તેમણે કહ્યું કે આ તમામ વૃક્ષોમાં ગોરસ આંબલી, સીસમ, વડ, પીપળો જેવાં વૃક્ષોનો સમાવેશ થાય છે. જે પ્રત્યેક વૃક્ષ ઓછામાં ઓછું ૧૦૦ વર્ષ કરતાં વધુ આયુષ્ય ધરાવે છે. આમ, આજે રોપેલાં આ વૃક્ષો આવનારી અનેક પેઢીઓને છાંયડો આપશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ગ્રીનરીનું પ્રમાણ ૧૧.૨૩ ટકાથી વધારીને ૨૦ ટકા કરવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. વાયુ પ્રદૂષણ ઘટાડવા અને કાર્બન ઉત્સર્જન રોકવા માટે નવી ૮૦ BRTSની અને ૭૫ AMTSની ઈલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સાથે જ અમદાવાદ BRTS દેશની એકમાત્ર સંપૂર્ણ પ્રદૂષણ મુક્ત બસ સેવા બની છે.

શ્રી શાહે નાગરિકો સમક્ષ વિકાસકામોનું સરવૈયું રજૂ કરતાં કહ્યું કે અત્યાર સુધીમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુલ રૂ. ૨૮,૪૯૨ કરોડનાં કામો પૂર્ણ થયાં છે.

શ્રી અમિતભાઈએ વધતાં જતાં કાર્બન ઉત્સર્જન વિશે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે ભાવિ પેઢી માટે પૃથ્વીને જીવવાલાયક રાખવા માટે વૃક્ષોનું આવરણ જરૂરી છે. આ માટે તેમણે દરેક નાગરિકને પોતાના ઘર પર સોલાર રૂફટોપ લગાવવા અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવા અપીલ કરી હતી. જેથી વધતાં તાપમાન અને ઓઝોન સ્તરના નુકસાન સામે આવનારી પેઢીઓને રક્ષણ મળી શકે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવાનું નવું દિશાદર્શન આપ્યું છે. વડાપ્રધાનશ્રીએ આપેલા 'વન સાથે જન અને પ્રકૃતિ સાથે પ્રગતિ'ના અભિગમને આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સાકાર કરવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ લોકભાગીદારી થકી થઈ રહેલા વિક્રમી વૃક્ષારોપણને બિરદાવતા કહ્યું કે આજે વૃક્ષારોપણ એક સાર્વત્રિક જનઆંદોલન બની ચૂક્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણની જાળવણી માટે 'બેક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે. આજે પાણી અને વીજળી સહિતના દરેક ક્ષેત્રમાં પર્યાવરણની જાળવણી એ આપણો મુખ્ય ધ્યેય હોવો જોઈએ, એવું તેમણે ઉમેર્યું હતું.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે દેશભરમાં સર્વપ્રથમ અલગ 'ક્લાઈમેટ ચેન્જ વિભાગ' શરૂ કરાવ્યો હતો. ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા માટેના વડાપ્રધાનશ્રીના પ્રયાસોનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત વરસાદી પાણીને જમીનમાં ઉતારવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના આહ્વાન પર દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવાનું ઐતિહાસિક કામ પૂર્ણ થયું છે. આ ઉપરાંત, 'એક પેડ માં કે નામ 2.0' અભિયાન અંતર્ગત રાજ્યમાં ૧૦.૯૬ કરોડ વૃક્ષો, શહેરોમાં ઓક્સિજન પાર્કના નિર્માણ અને ૮૨ જેટલા 'નમો વન'માં ૧૪ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરીને શહેરોમાં ગ્રીન કવર વધારામાં આવ્યું છે.

ગાંધીનગર લોકસભા વિસ્તારના વિકાસ અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ વિસ્તારને દેશનો સૌથી વધુ વિકસિત ક્ષેત્ર બનાવવાનો ધ્યેય છે. લોકસભા મતવિસ્તારમાં થઈ રહેલાં વિવિધ લોકઉપયોગી વિકાસ કાર્યોના લોકાર્પણને કારણે નાગરિકોની 'ઈઝ ઓફ લિવિંગ'માં મોટો વધારો થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત નાગરિકોને અપીલ કરતા જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ-૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાના સંકલ્પને સિદ્ધ કરવા માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ અને અમદાવાદ મહાનગરને વધુ સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું મહાનગર બનાવવા પ્રયાસ કરવા જોઈએ. આ પ્રસંગે અમ્યુકોના મેયર હિતેશભાઈ બારોટે સ્વાગત પ્રવચન કરી, આજના સામૂહિક વૃક્ષારોપણની આંકડાકીય માહિતી આપી હતી.

આ પ્રસંગે પર્યાવરણની જાળવણી માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ ૧૦૧ ઓક્સિજન પાર્ક ખુલ્લા મૂકવામાં આવ્યા છે. જેમાં સમાવિષ્ટ ૬૧ નવા ઓક્સિજન પાર્ક સાથે ગાંધીનગર મતક્ષેત્રમાં હવે કુલ ૭૩ ઓક્સિજન પાર્ક થયા છે. આ સાથે જ નાગરિકો આ તમામ પાર્કની વિગતો, વૃક્ષોની સંખ્યા અને લોકેશન જાણી શકે તે માટે એક વિશેષ 'ઈ-બુક'નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ સિવાય, કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર તેમજ સમગ્ર ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના ઉદ્દેશથી ITC India Ltd., વિશ્વનાથ રીઅલ્ટર્સ, એસોસિએશન ઑફ ઓટોમોબાઈલ ડીલર્સ અને શિતલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈફકો, GUDA સાથે શહેરમાં વૃક્ષારોપણ અને સતત ત્રણ વર્ષ સુધી તેના જતન માટેના એમઓયુ કરવામાં આવ્યા હતા. આ સાથે જ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગોતા ગોધાવી કેનાલ, ભાડજ; સવન્નાહ પાર્ટી પ્લોટ, સરખેજ, એન.ડી.ડી.બી પ્લોટ, વાડજ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, સંસદસભ્યશ્રીઓ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ મકવાણા, સર્વે ધારાસભ્યશ્રીઓ શ્રી અમિતભાઈ શાહ, શ્રી અમુલભાઈ ભટ્ટ, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી દિનેશસિંહ કુશવાહ, શ્રીમતી કંચનબહેન રાદડિયા, સુશ્રી પાયલબહેન કુકરાણી, શ્રી બાબુસિંહ જાદવ, શ્રી કનુભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જ. પટેલ, શ્રીમતી રીટાબેન પટેલ, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ સહિતના કોર્પોરેશન પદાધિકારીઓ, અધિકારીઓ, કોર્પોરેટેશ્રીઓ, આગેવાનો અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

---

સાણંદ ખાતે રેલવેની જમીન પર પ્રથમ તબક્કામાં ૨ લાખથી વધુ છોડનું રોપણ

# અમદાવાદ મંડળમાં મેગા વૃક્ષરોપણ અભિયાન અંતર્ગત ૮ લાખથી વધુ છોડ લગાવવામાં આવશે

પર્યાવરણ સંરક્ષણ અને હરિત વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ગુજરાત સરકારના રાજ્યવ્યાપી મેગા વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત વ્યાપક સ્તરે છોડરોપણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે અમદાવાદ મંડળ દ્વારા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના સહયોગથી 'વન કવચ યોજના' અંતર્ગત સાણંદ ખાતે રેલવેની ઉપલબ્ધ જમીન પર ૨ લાખ છોડનું વૃક્ષરોપણ કરવામાં આવ્યું છે.

આ અભિયાન રાજ્યવ્યાપી મેગા વૃક્ષરોપણ કાર્યક્રમનો એક ભાગ છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ મંડળના ૧૦ વિવિધ રેલવે સ્થળોએ ૮ લાખથી વધુ છોડ લગાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. અભિયાન હેઠળ સાણંદ ખાતે ૧,૨૦,૦૦૦ ચોરસ મીટર રેલવે જમીન પર કુલ ૪ લાખ છોડ લગાવવાની યોજના બનાવવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ૨ લાખથી વધુ છોડનું સફળતાપૂર્વક રોપણ કરવામાં આવ્યું છે, જ્યારે બાકીના છોડનું રોપણ આગામી તબક્કાઓમાં કરવામાં આવશે.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) અને ગુજરાત વન વિભાગના અધિકારીઓએ સંયુક્ત રીતે છોડરોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો. કાર્યક્રમમાં ડૉ. મીનલ જાની તથા રૂચિ દવે (એસીએફ) સહિત વન વિભાગ અને રેલવેના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે રેલવે અને વન વિભાગનો આ સંયુક્ત પ્રયાસ હરિત આવરણ વધારવાની સાથે-સાથે સ્થાનિક પર્યાવરણનું









સંરક્ષણ તેમજ ટકાઉ વિકાસના લક્ષ્યોને પણ વધુ મજબૂતી પ્રદાન કરશે.

આ અભિયાન ગુજરાત સરકાર દ્વારા સંચાલિત રાજ્યવ્યાપી મેગા વૃક્ષરોપણ અભિયાનનો એક ભાગ છે, જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ તેમના સંસદીય ક્ષેત્ર ગાંધીનગરમાં સહભાગી બન્યા હતા. આ વિશેષ અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં એક જ દિવસે ૩૫ કરોડ છોડ લગાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

રેલવે પ્રશાસન અને વન વિભાગે નાગરિકોને આ હરિત અભિયાનમાં સક્રિય ભાગીદારી કરવા તેમજ લગાવેલા છોડનું સંરક્ષણ અને સંવર્ધનમાં સહયોગ આપવા અપીલ કરી છે.

● મુખ્ય બિંદુ

વન કવચ યોજના અંતર્ગત સાણંદ ખાતે રેલવેની જમીન પર ૨ લાખ છોડનું વૃક્ષરોપણ કરવામાં આવ્યું.

રેલવે અને ગુજરાત વન વિભાગ દ્વારા સંયુક્ત રીતે આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ, ડૉ. મીનલ જાની તથા રૂચિ દવે (એસીએફ) સહિતના અધિકારીઓએ વૃક્ષરોપણ કર્યું.

સાણંદ યાર્ડ–ડીએફસી લાઈન વચ્ચે આવેલી ૧,૨૦,૦૦૦ ચોરસ મીટર જમીન પર કુલ ૪ લાખ છોડ લગાવવામાં આવશે.

પ્રથમ તબક્કામાં ૨ લાખ છોડનું રોપણ પૂર્ણ.

અમદાવાદ મંડળના ૧૦ મુખ્ય સ્થળોએ ૮ લાખથી વધુ છોડ લગાવવાનો લક્ષ્યાંક

રાજ્યવ્યાપી મેગા વૃક્ષરોપણ અભિયાન અંતર્ગત ૩૫ કરોડ છોડ લગાવવાનો લક્ષ્યાંક

અભિયાનનો હેતુ હરિત આવરણ વધારવું, જૈવ વિવિધતાનું સંરક્ષણ અને સતત વિકાસને પ્રોત્સાહન કરવાનો છે.

● અમદાવાદ મંડળના મુખ્ય વૃક્ષરોપણ સ્થળો

આંબલી રોડ – ગોરાઘુમા : ૨૦,૫૩૮ ચોરસ મીટર

છારોડી – જખવાડા : ૩૭,૬૨૫ ચોરસ મીટર

આંબલી રોડ – ચાંદલોડિયા : ૯,૨૩૧ ચોરસ મીટર

ગોરાઘુમા – સાણંદ : ૧૨,૫૬૦ ચોરસ મીટર

જખવાડા રેલવે સ્ટેશન : ૪,૦૦૦ ચોરસ મીટર

સાણંદ – છારોડી : ૬૧,૨૧૮ ચોરસ મીટર

સાણંદ યાર્ડ – ડીએફસી લાઈન : ૧,૨૦,૦૦૦ ચોરસ મીટર

સાબરમતી – ચાંદલોડિયા : ૫,૭૫૦ ચોરસ મીટર

સાબરમતી – ચાંદલોડિયા (દ્વિતીય સ્થળ) : ૪૨,૦૦૦ ચોરસ મીટર

● અન્ય મુખ્ય વૃક્ષરોપણ સ્થળો

સાબરમતી

- ક્ષેત્રફળઃ ૮,૪૦૦ ચોરસ મીટર
- લગાવેલા છોડઃ ૯,૦૦૦

આંબલી રોડ

- ક્ષેત્રફળઃ ૨,૨૦૦ ચોરસ મીટર
- લગાવેલા છોડઃ ૧,૦૨૦

● રોપવામાં આવેલા છોડની મુખ્ય જાતિઓ અને સંખ્યા

ફાઉન્ટેન ગ્રાસ (Fountain Grass) – ૭૫,૦૦૦

બોગનવેલિયા (Bougain-villea) – ૫૧,૦૦૦

વાંસ (Bamboo) – ૧૮,૦૦૦

ટેકોમા (Tecoma) – ૧૪,૦૦૦

કેસૂડો/પલાશ – ૧૨,૦૦૦

નાગોદ/નિર્ગુંડી – ૬,૦૦૦

દેશી મહેંદી – ૬,૦૦૦

કરંજ – ૪,૦૦૦

હરશૃંગાર/પારિજાત – ૪,૦૦૦

કચનાર – ૪,૦૦૦

ગરમાળો/અમલતાસ – ૪,૦૦૦

દેશી બાવળ – ૨,૦૦૦

---

# ગાંધીનગરમાં કોલેજીયન યુવકને તાર થી ગળુ દબાવી મોતને ઘાટ ઉતાર્યોઃ લાશ કોથળામાં પેક કરી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા ઘેઘુ ગામે એક અત્યંત ચકચારી અને કંપારી છુટી જાય તેવી હત્યાની ઘટના બહાર આવી છે. માત્ર ૨૦ વરસના એક નિર્દોષ યુવકની દુપટ્ટા અને વાયરના તાર વડે ગળુ દબાવીને નિર્મમ હત્યા કરવામાં આવી છે. હત્યા કર્યા બાદ પકડાઈ જવાના ડર થી પુરાવાનો નાશ કરવાના આશય થી યુવકની લાશ ને એક સફેદ કલરના કોથળામાં ભરીને આરોપી દંપત્તિ પોતાના ઘરને બહાર થી તાળુ મારીને ફરાર થઈ ગયુ હતું.

આ ભયાનક ઘટનાની જાણ થતા જ સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ મામલે કલોલ તાલુકા પોલીસે ગુન્હો દાખલ કરીને ગણતરીના કલાકો માં જ ફરાર આરોપી દંપત્તિની ધરપકડ કરી લીધી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર આ ૨૦ વર્ષીય યુવકની હત્યા પાછળ કોઈ મોટુ બ્લેકમેઈલીંગ કાંડ જવાબદાર હોવાની આશંકા સેવાઈ રહી છે. આ પૂર્વયોજીત ષડયંત્રના ભાગરૂપે આરોપી દંપત્તિએ યુવકને અગાઉ થી કોઈ બહાને પોતાના ઘરે બોલાવ્યો હતો. ત્યારબાદ મોકો જોઈને યુવકને ઘરમાં જ દુપટ્ટા અને તાર વડે ગળે ટુંપો આપીને પતાવી દેવાયો હતો. હાલ પોલીસ આ બ્લેકમેલીંગની દિશામાં અને હત્યા



પાછળના અસલી હેતુને સ્પષ્ટ કરવા માટે આરોપીઓની આકરી પુછપરછ કરી રહી છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો મુજબ કલોલ ના ઘેઘુ ગામના ઠાકોરવાસમાં રહેતા અને સ્થાનિક સ્તરે ખેતી તેમજ ડ્રાઈવીંગ નો વ્યવસાય કરીને પરીવારનુ ગુજરાન ચલાવતા રમેશજી ઉદાજી ઠાકોરના મોટા દિકરા હાર્દિક (ઉ.વ.૨૦) ની આ ક્રુર હત્યા કરવામાં આવી છે. મૃતક હાર્દિક માણસા ખાતે આવેલી એસડી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતો હતો. અભ્યાસની સાથે સાથે તે પોતાના પિતળાઈ ભાઈ અને વ્યવસાયે વકીલ એવા સુનીલજી ઠાકોર સાથે માણસા કોર્ટમાં કામકાજ શીખવા અને મદદ કરવા માટે પણ જતો હતો. ઘટનાના દિવસે એટલે કે ૧૧ જુલાઈ શનિવાર ના રોજ સવારે સાડા આઠ વાગ્યાની આસપાસ હાર્દિકના પિતા રમેશજી પોતાની ઈકો ગાડી લઈને આલમપુર ની શાકભાજી માર્કેટમાં રીંગણ વેચવા માટે ગયા હતા. તે જ સમયે હાર્દિકની માતા અને બહેન પણ ઘરકામ પતાવીને ખેતરે મજુરી અર્થે ગયા હતા. જેથી હાર્દિક ઘરે એકલો જ હતો. સવારે ૯:૧૦ કલાકે હાર્દિકે તેના પિતા રમેશજીને ફોન કરીને પરબતપુરા ખાતે કોઈ જમીન જોવા અંગે સામાન્ય વાતચીત પણ કરી હતી.

જો કે ત્યારબાદ આશરે સાડા દસ વાગ્યાની આસપાસ પિતા રમેશજીએ કોઈ કામ અર્થે ફરીથી દિકરાને ફોન કર્યો ત્યારે હાર્દિકનો મોબાઈ સ્વીચ ઓફ આવતો હતો. વારંવાર ફોન કરવા છતાં સંપર્ક ન થતા રમેશજીએ ઘરે આવીને તપાસ કરી તો હાર્દિકનુ એકિટવા વાહન ઘરે જ પડયુ હતું. પરંતુ તે પોતે ગાયબ હતો. ઘણીવાર સુધી હાર્દિકનો કોઈ પત્તો ન મળતા ચિંતાતુર પિતા અને કુટુંબીજનોએ નારદીપુર, ઘેઘુ ચોકડી અને આજુબાજુના તમામ સંભવિત વિસ્તારો અને સગાસંબંધીઓને ત્યાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ હાર્દિકની કોઈ ભાળ મળી ન હતી.

આ દરમિયાન બપોરે ૩ થી ૪ વાગ્યાના અરસામાં ગામના જ જાગૃત નાગરીક સુરેશજી બાદરજી ઠાકોરે હાર્દિકના પિતાને ફોન કરીને તાત્કાલીક ગામમાં જ રહેતા વિષ્ણુજી ઉર્ફે વાસુભાઈ બળદેવજી ઠાકોરના ઘરે પહોચવા જણાવ્યુ હતું. આથી રમેશજી તાબડતોબ ત્યાં પહોચ્યા ત્યારે તેમને હૃદય કંપાવી દે તેવા સમાચાર મળ્યા હતા. સુરેશજીએ જણાવ્યુ હતુ કે આ ઘરના માલીક વિષ્ણુજી ઠાકોર અને તેમની પત્ની હંસાબેને હાર્દિકની ગળુ દબાવી હત્યા કરી દીધી છે અને તેની લાશ કોથળામાં ભરી ઘરમાં જ મુકી ભાગી ગયા છે. ત્યારબાદ રમેશજીએ બંધ ઘર ખોલાવી અંદર જઈને જોયુ તો હાર્દિકની લાશ ખરેખર એક સફેદ કોથળામાંથી મળી આવી હતી. આ ભયાનક દ્રશ્ય જોઈ પરીવાર સ્તબ્ધ થઈ ગયો હતો. તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. જેના તબીબે હાર્દિકને નિરીક્ષણ બાદ મૃત જાહેર કર્યો હતો. ઘટનાની ગંભીરતાને પગલે કલોલ તાલુકા પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને લાશને માણસા સીવીલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી. તબીબી અહેવાલમાં હાર્દિકનુ મોત શ્વાસ રૂંધાવાથી થયુ હોવાનુ બહાર આવ્યુ છે. પોલીસે હત્યાનો ગુન્હો નોધી બંને આરોપી દંપત્તિને જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે.

---

# સુરત પૂર પીડિતો માટે વરાછા બેંકે કરેલી મોટી જાહેરાતઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે યોજનાનું લોકાર્પણઃ માત્ર ૯% વ્યાજે મળશે ૫ લાખ સુધીની ફલડ લોન

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં તાજેતરમાં ભારે વરસાદ અને ખાડીપૂરના કારણે ઔદ્યોગિક તેમજ રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના લીધે સ્થાનિક ઉદ્યોગો, વેપારીઓ અને રોજગારને મોટું નુકસાન પહોંચ્યું છે.

આ આપત્તિના સમયે સુરતવાસીઓને બેઠી કરવા માટે વરાછા કો-ઓપરેટિવ બેંક દ્વારા એક માનવતાવાદી સંકલ્પ સાથે ફલડ લોન યોજના અને વિશેષ વીમા યોજના શરૂ કરવામાં આવી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અસરગ્રસ્તો અને ગ્રાહકો પર આર્થિક બોજ ન પડે તે માટે બેંકે ખૂબ જ ઉદાર શરતો જાહેર કરી છે. આપત્તિના સમયે સુરક્ષિત ભવિષ્ય માટે રૂ. ૫ લાખ સુધીની આર્થિક સહાય આપવામાં આવશે. ગ્રાહકોને મોટી રાહત આપતા વ્યાજનો દર માત્ર ૯% રાખવામાં આવ્યો છે. લોનની ભરપાઈ કરવા માટે ૬૦ મહિના (૫ વર્ષ)નો લાંબો સમયગાળો મળશે. પૂર અને પાણી ભરાવા સામે રક્ષણ આપતી વિશેષ વીમા સેવાનો લાભ ગ્રાહકો હવે બેંકની શાખાઓમાંથી જ સીધો લઈ શકશે. યોજનાના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના લોકોની ખુમારીને બિરદાવતા જણાવ્યું હતું કે હું સુરતવાસીઓને સલામી આપું છું. આ વર્ષે પૂરની સમસ્યા બિલકુલ અલગ હતી, જાણે આભ ફાટ્યું હોય તેમ માત્ર ૧૫ મિનિટની અંદર ૪ થી ૫ ફૂટ પાણી ભરાઈ ગયા હતા. આવી અતિ ગંભીર અને સંવેદનશીલ પરિસ્થિતિનો સામનો સુરતના લોકોએ પ્રશાસન સાથે ખંભેથી ખંભો મિલાવીને કર્યો છે."

તેમણે વધુમાં ઉમેર્યું કે, આવી આપત્તિમાં માત્ર વાતો કરવાથી કામ નથી ચાલતું, પરંતુ સમસ્યામાંથી બહાર કઈ રીતે નીકળવું તેના નક્કર પ્રયાસો જરૂરી છે. વરાછા બેંકે રૂ. ૫ લાખની ફલડ લોન શરૂ કરીને અદ્ભુત અને માનવતાભર્યું કાર્ય કર્યું છે, જેનાથી પીડિત પરિવારોની તકલીફો દૂર થશે.

# શહેરના ૪૫ જેટલા નિર્દોષોને ભરખી જનાર ખાડી પુરાણ કરી ગેરકાયદેસર બાંધકામ ઉપર તાત્કાલિક બુલડોઝર ચલાવો

## પ્રત્યેક મૃતકના સ્વજનને રૂપિયા દસ લાખની આર્થિક સહાય ચૂકવવા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રની માંગ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરમાં હાલના કલેક્ટર કે સને ૨૦૦૦ ના વર્ષથી ફરજ બજાવી ગયેલા કલેક્ટરોએ શહેરહિતમાં ક્યારેય પણ શહેરની દિશા કે દશા અંગે વિચારેલ નથી. સુરત શહેરમાં દર વર્ષે પાણીની રેલ આવે છે. પરંતુ આ દિશામાં કોઈ અધિકારી કે શહેરના કોઈ મોટા રાજકારણીએ આ અંગે ક્યારેય પણ વિચાર્યું નથી.

સુરત શહેરની વાત કરીએતો સુરત શહેરમાંથી ખાડીઓ પસાર થાય છે અને આ ખાડીઓમા દર વર્ષે પૂર આવે છે. આ પૂર પાછળનું મુખ્ય કારણ ખાડીઓના બંને બાજુના ગેરકાયદેસરના બાંધકામોથી થયેલા દબાણો જેના કારણે ખાડીઓના પ્રવાહ પર માઠી અસર થાય છે આને પ્રવાહ અવરોધાતા એ પાણી નીચાણવાળા વિસ્તારોમાં ભરાય છે. એના કારણે શહેરના ૪૫ જેટલા નિર્દોષ માણસોએ જાન ગુમાવ્યા છે. શહેરમાં કલેક્ટર, મામલતદાર, મહેસૂલી અધિકારીઓ, સુડાના અધિકારીઓ, તલાટી કમમંત્રી, સિટી સર્વેના અધિકારીઓ ક્યારેય પણ પોતાની એ.સી ચેમ્બર છોડી બહાર નીકળતા નથી અને શહેરના માટે પૂર પાણીની ગંભીર સમસ્યા છે એ દિશામાં કોઈ વિચારતું નથી. સરકારી અધિકારીઓ,કોર્પોરેશનના શહેરી વિકાસ ખાતાના અધિકારીઓ બિલ્ડરોના વચેટિયાઓથી સતત ઘેરાયેલા રહે છે. અને તેઓને લાયજીનના કામોમાં રસ હોય છે અને તેમાંથી સારો એવો લાભ ઉઠાવતા હોય છે. સુરત શહેરના વરસાદી પાણીની ગટરો સમયસર સાફ કરવામાં તંત્ર નિષ્ફળ જતાં શહેરમાં રોગચારાનો ભય સતાવી રહેલ છે.

આવા ભ્રષ્ટ અધિકારીઓના પાપે યોગ્ય અને શહેરી વિકાસની કામગીરી થતી નથી. શહેરમાંથી પસાર થતી ખાડીઓની બંને સાઈડે કરાતા ગેરકાયદેસર બાંધકામના કારણે પાણીના વહેણ ખોરવાય છે જેના કારણે હાલમાં ૪૫ કરતાં વધુ શહેરીજનોએ જાન ગુમાવ્યા છે.

રાંદેરનો ગોરાટ વિસ્તારમાં જે અશાંતધારામાં આવે છે ત્યાં ૧૧ હાઈરાઈઝ બિલ્ડીંગો બની ગઈ છે અને બની રહી છે. એક વ્યક્તિને પોતાના મકાન પૂરતું અશાંતધારાની મંજૂરી મેળવતા નાકે દમ આવી જાય છે. પરંતુ રાજહંસ ગ્રુપનો એટલો મોટો પ્રભાવ છે કે દેશના પ્રધાનમંત્રીની સાથે દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ સાથે ડાયરેક્ટ ફોનથી સંપર્ક કરી શકે છે. સુરત શહેર કે ગુજરાત રાજય જ નહીં પણ દેશના અલગ-અલગ રાજયોના આ રાજહંસગ્રુપના પ્રોજેક્ટ ચાલી રહેલ છે.

મોટી રાજકીય તાકાત ધરાવનાર રાજહંસ ગ્રુપ કે હાઈરાઈઝ ટાવર બની ગયા છે અને હાલમાં બની રહ્યા છે. અશાંતધારાની પરવાનગી કલેક્ટર અને સુરત મ.ન.પાના અધિકારીઓએ પ્લાન પાસ કરેલ છે. રાંદેર ગોરાટના અશાંતધારા વિસ્તારમાં બનેલા ટાવરોની આજુબાજુની સોસાયટીઓના રહીશોએ વિરોધ કરેલો પરંતુ રાજહંસગ્રુપ શક્તિશાળી અને તાકાતવર ગ્રુપ છે.

આ વિસ્તારમાં કેટલાક સામાજિક કાર્યકરોએ આ ગેરકાયદેસર બાંધકામોએ કાયદાકીય રીતે લડત આપવા નક્કી કરેલ અને અશાંતધારા હેઠળના કામો અટકાવવા અને કલેક્ટર સમક્ષ લેખિત આવેદનપત્ર આપવાની તૈયારી કરતા રાંદેરના પોલીસ ઈન્સ્પેક્ટરે સામાજિક કાર્યકરોના ઘેર પહોંચી તેમને જણાવેલ કે ભાઈ આ બાબતમાં કોઈ વિવાદમાં આવવુ નહીં અને પબ્લિકને એકઠા કરી હલ્લાબોલ કે ધરણા દેવા નહીં. જે વાત કરો છો એ માંથી ખસી જાઓ. એમાં જ તમને ફાયદો છે. નહીંતર અસામાજિક તત્વો ધ્વારા ખોટી ઉશ્કેરણી કરાવી જે વિવાદ ઉભો થશે તેમાં ખોટા કેસ માં ફસાવી જેલ ભેગા કરશું. તમો શાંતિથી બેસી જાઓ એમાંજ તમારી ભલાઈ છે. જે પ્રોજેક્ટોમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી, કે મંત્રી અને મોટા મોટા સેલીબ્રિટીઓ હોય તેઓના પ્રોજેક્ટ કોણ રોકી શકે ?

સુરત શહેરના દેવધ ગામની ૭૩છછ જગ્યા બલદેવ રાઠોડ, રમીલાબેન રાઠોડ ની જગ્યા અને નવી શરતની દેવધ દખણવાડાના જયંતિસિંહ, ઘનશ્યામસિંહ ની ૪૦ થી ૪૫ વીઘાની જગ્યામાં બિલ્ડર SNS ગ્રુપનો ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ ચાલી રહેલ છે તેમજ વરિયાવ,ઓલપાડ આવી મોટી મોટી જગ્યાના સુરતના હાલમાં જ બદલી થયેલા કલેક્ટર સૌરભ પારધી એ 73AA ની જમીન મુક્ત કરી અને સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ આવી જગ્યા જે શહેરી વિસ્તારમાં હતી એના પ્લાન પણ પાસ કરી લીધા હતા.

કેટલીક જગ્યામાં એટ્રોસિટીના કાયદાનો દુરુપયોગ કરી લોકો વિરુદ્ધ ખોટા કેસ કરાવી રાતો રાત જગ્યા ખાલી કરાવી જગ્યા બિલ્ડરોને સુપ્રત કરાવી દીધી છે. આમ 73AA ની જગ્યા હેતુફેર થાય છે. આમ કલેક્ટર અને સરકારી અધિકારીઓ આવા જ કામોમાં રચ્યા પચ્યા હોય છે. SMC અધિકારીઓ, શહેરી વિકાસ અધિકારીઓ બિલ્ડરોને તાત્કાલિક પ્લાન પાસ કરી દે છે અને પ્રોજેક્ટો ઉભા થઈ ગયા છે. જેના કારણે પાણી જેવી પૂર સમસ્યામાં ૪૫ જેટલા નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા છતાં એ દિશામાં અધિકારીઓ ધ્યાન આપી શક્યા નથી. જે મરનારા લોકોને રૂપિયા દસ લાખ (૧૦ લાખ) સુધીની રોકડ સહાય એમના પરિવારજનોને ચૂકવવામાં આવે એવી માંગણી વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર સુરતની માંગણી કરી છે.

સુરતમાં નાસીર નગર , રાજકોટ નું જંગલેશ્વર, અમદાવાદનું ચંડોળો તળાવ અને રબારી વસવાટ જેવા વિસ્તારોમાં જો ભૂપેન્દ્ર દાદાનું બુલડોઝર ચાલતું હોય તો આ સુરતની ખાડીઓ ઉપર થયેલા ગેરકાયદેસર દબાણો તેમજ અશાંતધારાની ૧૧ ટાવર ૨૧ માળની હાઈરાઈઝ બિલ્ડીંગો વોર્ડ નંબર ૧૧ ની બિલ્ડિંગો ઉપર સરકાર દ્વારા બુલડોઝર કેમ ચલાવવામાં આવતું નથી.

# તમામ કર્મચારીઓ હાલની પરિસ્થિતિમાં નિયમિત ફરજ બજાવે

## સુરત મહાનગરપાલિકામાં મંજૂર થયેલા સફાઈ કામદારો કરતા ઓછા કર્મચારીઓથી સફાઈ કામગીરી કરાવતા કામગીરીને ભારે અસર થયેલ છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકામાં મહાનગરપાલિકાના અધિકારીઓના અણધડ વહીવટને કારણે સુરત શહેર રોગચાળાની ભીતિ સેવી રહેલ છે. તા.૦૬/૦૭/૨૦૨૬ અને ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ પડેલ ભારે વરસાદને કારણે સુરત શહેરનો કોઈ વિસ્તાર પાણી ભરાવાથી બાકી રહેલ નથી અને બે દિવસના સતત વરસાદના કારણે પાણી ભરાઈ રહેવાથી કાદવ કીચડ જામી ગયેલ તેમજ સમયસર સફાઈ કામગીરી નહીં થતાં શહેર માટે વિકટ સમસ્યા ઊભી થયેલ છે. અને સુરત મહાનગરપાલિકાએ પ્રથમવાર બહારથી કર્મચારીઓને બોલાવવાની ફરજ પડેલ છે. સુરત મહાનગરપાલિકામાં ૭૦૦૦ જેટલા સફાઈ કામદાર, બેલદારોની જગ્યા ખાલી છે. એ જગ્યાઓ સમયસર ભરવામાં આવી હોત તો સુરત મહાનગરપાલિકાએ બહારથી કર્મચારીઓને બોલાવવાની નોબત ના આવત.

સુરત મહાનગરપાલિકા ના નિષ્ફળ ડેપ્યુટી કમિશનરો મહાનગરપાલિકા અને સરકારને વ્હાલા થવા માટે આણે નાણા બચાવવા માટે કર્મચારીઓનો શારીરિક શોષણ કરી રહેલ છે. હાલના સુરત શહેરમાં છવાયેલ કાદવ કીચડ સાફ- સૂફ કરવા માટે કર્મચારીઓને રાત્રિના ૧૦ વાગ્યા સુધી કામગીરી કરાવવામાં આવે છે. ત્યારે લિંબાયત,ડીંડોલી,પાંડેસરા જેવા વિસ્તારોમાં કર્મચારીઓ પાસે રાત્રિમાં કામગીરી લેવામાં આવે છે. સુરત શહેરના સફાઈ કામગીરીમાં પહોંચી વળવા ૭૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા અને ત્યાં સુધી રોજિંદા કામદારો રોકવા સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ કિરીટસિંહ વાઘેલા, મહામંત્રી મહંમદ ઈકબાલ શેખ, મંત્રી હરીશ રાઠોડ તેમજ જયંતિ વાઘેલા ,શશીકાંત સોલંકી, વિજય શેણમારે વિગેરે માંગણી કરેલ છે. તેમજ કર્મચારીઓને નિયમિત ફરજ બજાવવા વિનંતી કરી છે.

# વિદેશમાં ભણવા ગયેલા ૬૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓના મોતઃ કેનેડા- અમેરીકા લીસ્ટમાં સૌથી આગળ

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને ફરી એકવાર મોટા સવાલો ઉભા થયા છે. ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા લોકસભામાં રજુ કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર છેલ્લા પાંચ વરસમાં વિદેશી ધરતી પર ૬૩૩ થી વધુ ભારતીય વિદ્યાર્થીઓના મોત નોધાયા છે. આ આંકડા બહાર આવ્યા બાદ વિદેશમાં ભણતા બાળકોના વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સરકારે સ્પષ્ટ કર્યુ છે કે આ મોત માં કુદરતી કારણો, અકસ્માતો, તબીબી પરિસ્થિતિઓ તેમજ કેટલાક હિંસક હુમલાઓનો સમાવેશ થાય છે.



સરકારી ડેટા અનુસાર ભારતીય વિદ્યાર્થીઓના મોત ના મામલામાં કેનેડા સૌથી મોખરે છે. કેનેડામાં છેલ્લા ૫ વરસમાં ૧૭૨ ભારતીય વિદ્યાર્થીઓના અલગ અલગ કારણોસર મોત થયા છે. ત્યારબાદ અમેરીકા (યુએસએ) બીજા નંબરે છે. જયાં ૧૦૮ વિદ્યાર્થીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. અન્ય દેશોની વાત કરીએ તો બ્રિટન (યુકે) માં ૫૮, ઓસ્ટ્રેલીયામાં ૫૭ , રશિયામાં ૩૭ અને યુક્રેન માં ૧૮ ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા હોવાનુ સરકારે લેખિતમાં જણાવ્યુ છે. વિદેશ મંત્રાલય ના રાજયમંત્રી કિર્તિ વર્ધનસિંહે ગૃહમાં જણાવ્યુ હતુ કે કુલ મોતો માં થી ૧૯ જેટલા વિદ્યાર્થીઓના મોત વંશીય અથવા હિંસક હુમલાના કારણે થયા છે. હુમલાના કારણે થયેલા મોત માં પણ કેનેડા સૌથી આગળ (૯) કેસ છે. જયારે અમેરીકામાં ૬ વિદ્યાર્થીઓ આવા હુમલાનો શિકાર બન્યા છે. વાલીઓ જેઓ લાખો રૂપીયાની એજયુકેશન લોન લઈને પોતાના બાળકોને સોનેરી ભવિષ્ય માટે વિદેશ મોકલે છે, તેઓ હવે ત્યાંની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉઠાવી રહ્યા છે.

સરકારે ગૃહ માં ખાત્રી આપી છે કે વિદેશમાં વસતા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. દુનિયાભરમાં આવેલા ભારતીય મિશન્સ અને દુતાવાસો સ્થાનિક યુનિર્વસિટીઓ અને વિદ્યાર્થી સંગઠનો સાથે સતત સંપર્ક માં રહે છે. કોઈપણ કટોકટી કે અણધારી ઘટનાના સમયે ભારતીય દુતાવાસ દ્વારા ત્વરીત તબીબી, કાનુની અને રહેવાની સુવિધા પુરી પાડવામાં આવે છે અને સ્થાનિક સત્તાધિશો પાસે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવે છે. વિદેશમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ પર વધી રહેલા હિંસક હુમલા અને વાલીઓની ચિંતા અંગે વધુ વિગતવાર દ્રશ્યો જોવા માટે તમે આ ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા અંગેનો વિડીયો જોઈ શકાય છે. જેમાં કયા દેશોમાં સૌથી વધુ જોખમ છે. તેનુ વિશ્લેષણ કરવામાં આવ્યુ છે.

# નવા મતદારોને ચુંટણીકાર્ડ બનાવવા માતા-પિતા કે દાદા-દાદી ની એસઆઈઆર ની માહિતી આપવી પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય ચુંટણીપંચે નવા મતદારોની નોંધણી માટે મોટો ફેરફાર કર્યો છે. કાયદા મંત્રાલયની મંજુરી વિના કરાયેલા ફેરફાર થી કાયદાકીય સવાલો ઉભા થયા છે. નવા મતદારોની નોંધણી માટે ફોર્મ-૬ માં ફેરફાર કરાતા હવે અરજદારોએ તેમના માતા- પિતા કે દાદા - દાદીનુ નામ પાછલી મતદાર યાદીમાં હતુ કે નહી તે સ્પષ્ટ કરવુ પડશે. આ નવો નિયમ હાલ ઓનલાઈન ફોર્મ સબમિશનમાં લાગુ કરાયો છે. દેશના ૧૦ રાજયોમાં ૫.૫૮ કરોડ લોકોના નામ મતદાર યાદીમાં કપાતા, નવા નિયમથી મુશ્કેલીઓ વધી શકે છે. દેશના ઘણા રાજયોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવા મતદારોની નોંધણી માટેના નિયમોમાં ભારતીય ચુંટણી પંચે મોટો ફેરફાર કર્યો છે. નવા મતદારોએ મતદાર યાદીમાં પોતાનુ નામ ઉમેરવા એ સ્પષ્ટ કરવુ પડશે કે , પાછલા એસઆઈઆર દરમિયાન તેમના માતા-પિતા કે દાદા-દાદીનુ નામ મતદાર યાદીમાં નોંધાયેલુ હતુ કે નહી ? જો કે ચુંટણીપંચ દ્વારા હજુ સુધી સ્પષ્ટ કરવામાં આવ્યુ નથી કે જો કોઈ અરજદારના માતા-પિતા કે દાદા-દાદીનુ નામ યાદીમાં ન હોય, તો તેના બાળકો કે પૌત્ર-પૌત્રીઓને નવી મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે કે નહી. પશ્ચિમ બંગાળમાં આ પ્રક્રિયાને લઈને ઘણો વિવાદ થયો હતો. જયાં વિધાનસભા ચુંટણી પહેલા જ ૨૭ લાખ લોકોના નામ કાઢી નાંખવામાં આવ્યા હતા. જેના કારણે તેઓ મતદાન કરી શકયા ન હતા. મીડીયા રીપોર્ટ અનુસાર આ નવો ફેરફાર હાલમાં માત્ર ઓનલાઈન ફોર્મ સબમિશનમાં જ ઉપલબ્ધ કરાવાયો છે. જયારે વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવામાં આવતી ફોર્મ ની હાર્ડ કોપીમાં હજુ આ ઓપ્શનમાં ઉમેરવામાં આવ્યો નથી. અત્રે નોંધનીય છે કે ચુંટણીપંચ સરકારની મંજુરી વગર ફોર્મમાં કોઈ ફેરફાર કરી શકતુ નથી. અગાઉ વર્ષ ૨૦૨૧ સંસદ દ્વારા કાયદામાં સુધારો કરીને ચુંટણીપંચને મતદારોના ઓળખકાર્ડ લીંક કરવાની મંજુરી આપવામાં આવી હતી. જેનુ નોટીફીકેશન ફેબ્રુઆરી ૨૦૨૨ માં જાહેર કરાયુ હતું. આ નવા ફેરફાર અંગે પણ આગામી સમયમાં કાયદાકીય સ્પષ્ટતા થાય તેવી શકયતા છે.



# વાહન માલિકોએ હવે ફિટનેસ રીન્યુઅલમાં લાગશે રૂ.૫૦ પ્રતિ દિવસ લેટ ફીઃ પ્રથમ વખત ખાનગી વાહનો માટે ફિટનેસની જોગવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ખાનગી વાહનોના રજીસ્ટ્રેશન અને ફિટનેસ પ્રક્રિયા સંબંધિત મહત્વપૂર્ણ ફેરફારોને લઈને વાહન વ્યવહાર કમિશ્નર કચેરી ગાંધીનગર દ્વારા રાજયની તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓ (આરટીઓ) અને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓ (એઆરટીઓ) ને મહત્વનો પરીપત્ર જારી કરવામાં આવ્યો છે.

આ પરીપત્ર માર્ગ પરીવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા જીએસઆર ૩૪૯ (ઈ) નોટીફીકેશનના અમલીકરણને વધુ સ્પષ્ટ બનાવે છે અને રાજયભરમાં એક સરખી પ્રક્રિયા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે. પરીપત્રમાં જણાવાયુ છે કે કેન્દ્ર સરકારના માર્ગ પરીવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા ૮ મે ૨૦૨૬ ના રોજ જીએસઆર ૩૪૯ (ઈ) નોટીફીકેશન જાહેર કરવામાં આવ્યુ હતું. જો કે આ નવી જોગવાઈઓને સંપૂર્ણપણે ઓનલાઈન અમલમાં મુકવા માટે નેશનલ ઈન્ફોર્મેટિકસ સેન્ટર (એનઆઈસી) દ્વારા જરૂરી ટેકનીકલ સુધારાઓ હજુ પ્રક્રિયામાં હોવાથી, ત્યાં સુધી તમામ આરટીઓ કચેરીઓએ નોટીફીકેશનમાં દર્શાવેલી જોગવાઈઓ અનુસાર મેન્યુઅલ અથવા ઉપલબ્ધ વ્યવસ્થા મુજબ કામગીરી કરવાની રહેશે.

આ સમગ્ર મામલે મહેસાણા આરટીઓ દ્વારા કેટલીક પ્રક્રિયાત્મક બાબતો અંગે વાહન વ્યવહાર કમિશ્નર કચેરી પાસે માર્ગ માંગવામાં આવ્યુ હતું. તેના અનુસંધાને હવે રાજયભરની તમામ આરટીઓ અને એઆરટીઓ કચેરીઓ માટે એક સમાન સ્પષ્ટતા સાથેનો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરીપત્ર મુજબ નોન-ટ્રાન્સપોર્ટ એટલે કે ખાનગી ઉપયોગના વાહનોના રીન્યુઅલ ઓફ રજીસ્ટ્રેશન માટે અરજદાર પાસેથી કેન્દ્રીય મોટર વાહન નિયમો હેઠળ નિર્ધારીત ફી જ વસુલવામાં આવશે. આ બાબતે તમામ કચેરીઓને એક સરખી પધ્ધતિ અપનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.




જીએસઆર ૩૪૯(ઈ) નોટીફીકેશન હેઠળ પ્રથમ વખત ખાનગી (નોન ટ્રાન્સપોટ) વાહનો માટે ફીટનેસ પ્રમાણપત્રની જોગવાઈ અમલમાં આવી છે. અત્યાર સુધી નિયમિત ફીટનેસ ની ફરજ મુખ્યત્વે વ્યવસાયીક અથવા ટ્રાન્સપોર્ટ વાહનો માટે લાગુ પડતી હતી. પરંતુ હવે ખાનગી વાહનો માટે પણ નિર્ધારીત સમયગાળા બાદ ફિટનેસ પ્રમાણપત્ર મેળવવુ જરૂરી બનશે, વાહન વ્યવહાર કમિશ્નર કચેરીએ સ્પષ્ટ કર્યુ છે કે જયારે કોઈ ખાનગી વાહનનુ પ્રથમ વખત ફિટનેસ પરીક્ષણ કરાવવામાં આવશે ત્યારે તેમાં વિલંબ થયો હોય તો પણ રૂપીયા ૫૦ પ્રતિદિવસના દરે લેટ ફી વસુલવામાં આવશે નહી. એટલે કે પ્રથમ ફિટનેસ માટે વાહન માલીકોને વિલંબ દંડમાંથી રાહત આપવામાં આવી છે.

પરીપત્રમાં એટલુ પણ સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે આ રાહત માત્ર પ્રથમ ફિટનેસ પરીક્ષણ પુરતી મર્યાદીત રહેશે, એક વખત પ્રથમ ફિટનેસ પ્રમાણપત્ર મેળવી લીધા બાદ ભવિષ્યમાં જયારે ફિટનેસનુ રીન્યુઅલ કરાવવાનુ રહેશે ત્યારે નિર્ધારીત સમય મર્યાદા બાદ અરજી કરવામાં આવશે તો રૂપીયા ૫૦ પ્રતિ દિવસના દરે વધારાની લેટ ફી ચુકવવી પડશે. આથી વાહન માલીકોએ ભવિષ્યમાં ફિટનેસના પ્રમાણપત્રના રીન્યુઅલની તારીખ પર ખાસ ધ્યાન રાખવાની જરૂર રહેશે. સમયસર કાર્યવાહી કરવાથી વધારાના આર્થિક બોજ થી બચી શકાશે. વાહન વ્યવહાર કમિશ્નર કચેરીએ રાજયની તમામ આરટીઓ અને એઆરટીઓ કચેરીઓને આ માર્ગદર્શિકા મુજબ કામગીરી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. એનઆઈસી દ્વારા જરૂરી ટેકનીકલ સુધારાઓ પૂર્ણ થયા બાદ ઓનલાઈન સિસ્ટમમાં પણ નવી જોગવાઈઓનો સંપૂર્ણ અમલ કરવામાં આવશે. ત્યાં સુધી કચેરીઓએ પરીપત્રમાં દર્શાવેલા નિયમોનુ પાલન કરીને અરજદારોને સેવા આપવાની રહેશે. આ પરીપત્રનો મુખ્ય હેતુ રાજયભરમાં નિયમોના અમલીકરણમાં એકરૂપતા જાળવવાનો છે, જેથી અલગ અલગ જિલ્લાઓમાં અલગ અલગ અર્થઘટન કે પ્રક્રિયાના કારણે વાહન માલીકોને મુશ્કેલી ન પડે, ખાસ કરીને ખાનગી વાહનો માટે પ્રથમ વખત ફિટનેસ પ્રમાણપત્ર અને તેની સાથે જોડાયેલી લેટ ફી ની સ્પષ્ટતા વાહન માલીકો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# હિંમતનગર સીવીલમાં ચાંદીપુરા વાયરસ થી ૫ દર્દીના મોતઃ સાબરકાંઠા બાદ ખેડા અને અરવલ્લીમાં ચાંદીપુરા વાયરસની એન્ટ્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં નાના બાળકો માટે જીવલેણ ગણાતા ચાંદીપુરા વાયરસનો ભોગ બનેલા ૭ દર્દીઓ પૈકી ૫ દર્દીઓના મોત થયા છે. ત્યારે ગઈ કાલે શનિવાર સુધીમાં ૧ બાળક સારવાર હેઠળ છે. જેને લઈને જિલ્લાનુ આરોગ્ય તંત્ર ટેન્શનમાં આવી ગયુ છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ચાંદીપુરાના રોગ ને અટકાવવા માટે અટકાયતી પગલા લેવા માટે વિવિધ ટીમોને કામે લગાડી દેવામાં આવી છે. દરમિયાન પોશીના તાલુકામાં એક દર્દીના થયેલા મોત બાદ ૪૬ કાચા મકાનોમાં ફોગીંગ ની કામગીરી શરૂ કરાઈ છે. હવે અરવલ્લી જિલ્લાની એક ૩ વરસની બાળકીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે. હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૭ બાળકોને સારવાર માટે લવાયા હતા. તો બીજી તરફ રાજયમાં ચાંદીપુરા વાયરસના ફફડાટ વચ્ચે આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયુ છે. ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં બીજા જિલ્લામાંથી આવેલા ચાંદીપુરાના લક્ષણો ધરાવતા બે બાળકો સારવાર હેઠળ છે. જેમાં એક બાળક સાબરકાંઠા જયારે એક બાળકને ખેડા જિલ્લામાંથી સારવાર માટે ગાંધીનગર લવાયો છે. બંને બાળકોને શંકાસ્પદ ચાંદીપુરા વાયરસ હોવાથી તેઓના સેમ્પલ લઈને મોકલી અપાયા છે. અરવલ્લી જિલ્લાની એક ૩ વરસની બાળકીને હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. તેના સેમ્પલ લઈને લેબ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. હાલમાં બે બાળકીઓ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. તો બીજી તરફ ખેડા જિલ્લામાંથી ચાંદીપુરા વાયરસનો એક શંકાસ્પદ કેસ બહાર આવ્યો છે. કપડવંજ ના એક વરસના બાળકની હાલત ખુબ ગંભીર હોવાનુ જાણવા મળ્યુ છે. સાલોડના બાળ દર્દીનો હવે એમઆરઆઈ કરવામાં આવશે. કઠલાલ ના અન્ય બાળકની સ્થિતિ હાલ સ્થિર હોવાનુ સામે આવ્યુ છે. ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં બંને બાળકોની સારવાર ચાલુ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા સર્વે અને ફોગીંગની પ્રોસેસ શરૂ કરાઈ છે. આ ઉપરાંત અન્ય ૯ તાલુકાઓમાં પણ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયુ છે.



# આઈપીએસ અધિકારીઓ મુલાકાત આપે કે ન આપે પરંતુ આઈપીએસ નિર્પૂણા તોરવણે અવશ્ય પ્રજાને મુલાકાત આપે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના કેટલાક આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ પ્રજાને મીટીંગોના બહાના બતાવી યા તો કોઈ કારણોસર પ્રજાને મુલાકાત આપવાનુ ટાળતા હોય છે. અરે, પ્રજા તો ઠીક હવે તો કેટલાક આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ મીડીયા સાથે અંતર રાખી મીડીયાને મળવાનુ ટાળતા હોય છે. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારના આઈપીએસ અને રાજય પોલીસવડા એ પણ ચાર્જ સંભાળતાની સાથે જ પ્રજાના પ્રશ્નો માટે પ્રજા ગમે ત્યારે મળી શકે છે તેવુ જાહેરમાં કહ્યા બાદ હવે એક મહિલા આઈપીએસ અધિકારી નિર્પૂણા તોરવણે એ પણ માનવતા દાખવી પ્રજાના પ્રશ્નો માટે ગમે ત્યારે મુલાકાતી તેમની પાસે મળવા આવે ત્યારે કોઈપણ બહાનાબાજી વગર પ્રજાને મુલાકાત આપી રહ્યા છે. આઈપીએસ નિર્પૂણા તોરવણે પ્રજાના પ્રશ્નો સમજી શકતા હોવાના કારણે વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહ મંત્રીની ગુડબુકમાં હોવાના કારણે સરકાર દ્વારા મહિલા આઈપીએસ અધિકારીના પતિ આઈએએસ મિલીંદ તોરવણે ને પણ શિક્ષણ જેવો મહત્વનો હવાલો સોંપવામાં આવ્યો છે. ગુજરાત સરકારના બંને આઈએએસ અને આઈપીએસ અધિકારી પ્રજાની વચ્ચે રહી પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં માહિર હોવાનુ કહેવાય છે. કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ જેવા સરકારી કાર્યક્રમો હોય કે સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોચે તે માટે બંને અધિકારીઓની જોડી મહત્વનો ભાગ ભજવે છે, નવાઈની વાત તો એ છે કે બંને અધિકારીઓના કાર્યાલયે ફરજ બજાવતો સ્ટાફ પણ મુલાકાતીઓ સાથે સારો વર્તાવ કરી સાચો જવાબ આપતો હોય છે.




આઈએએસ મિલીંદ તોરવણે, આઈપીએસ નિર્પૂણા તોરવણે પતિ -પત્ની ની જોડી વફાદારીપૂર્વક સેવા બજાવી રહ્યા છે

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટને હાઈકોર્ટમાં પડકારઃ જમીન વળતરના વિવાદથી ૪૦ હજાર કરોડના વધારાના બોજનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને જમીન વળતરનો મુદ્દો હવે ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચી ગયો છે. દેશના મહત્વાકાંક્ષી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટ ગણાતા આ પ્રોજેકટમાં ખેડૂતોને આપવામાં આવેલા વધારાના વળતરના નિર્ણયને નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. અરજીમાં જણાવાયું છે કે ઓથોરિટી દ્વારા જમીન વળતર નક્કી કરતી વખતે યોગ્ય માપદંડો અપનાવવામાં આવ્યા નથી. NHSRCLનો દાવો છે કે જો ઓથોરિટીનો આ નિર્ણય યથાવત્ રહેશે તો સમગ્ર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર અંદાજે રૂ.૪૦ હજાર કરોડનો વધારાનો આર્થિક બોજ પડશે.

અરજદાર પક્ષનું કહેવું છે કે જમીનના વળતર માટે જે પદ્ધતિ અપનાવવામાં આવી છે તે નિયમો અને કાયદાની જોગવાઈઓને અનુરૂપ નથી. તેથી આ નિર્ણયની કાનૂની સમીક્ષા જરૂરી છે. બીજી તરફ, ખેડૂતો માટે આ વળતરનો મુદ્દો અત્યંત મહત્વનો માનવામાં આવે છે.